અર્થ—કામની વાતો !! યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.

# મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

| | | |
|---|---|---|
| વર્ષ ૧ લું. અંક ૪૧ મો. | સંવત ૧૯૮૬ ના આસો વદી ૬. તા૦ ૧૩-૧૦-૩૦ | છુટક નકલ: ૦॥ આનો. |

## ગોળમેજી પરિષદ્ સામે વિરોધ.

### જૈનોની જાહેર સભાના ભાષણો.

**ભાઈશ્રી પરમાનંદ કુંવરજી**:—આજે જો કે આપણે ગોળમેજી પરિષદ્ સામે જાહેર વિરોધ દર્શાવવા એકત્ર થયા છીએ. છતાં આવતી કાલે વીરચંદભાઈ આપણાથી છુટા પડવાના હોઈને તેમને પ્રેમમય વિદાય આપવાનો પણ આપણા માટે સહેજે પ્રસંગ ઉપસ્થિત થયો છે. આજે જે ગોળમેજી પરિષદ્ સામે આપણે વિરોધ દર્શાવવા એકત્ર થયા છીએ તે પરિષદમાં આપણો કોઈ જૈન ગૃહસ્થ જતો નથી એ એક રીતે આપણે સંતોષ માનવા જેવું છે છતાં આજે જૈન સમાજ દેશ સમસ્તના રાજકારણમાં પુરો રસ લઈ રહેલ છે અને રાષ્ટ્રીય મહાસભાને પુરો સાથ આપે છે એ દર્શાવવા માટે આવી સભા ભરવાની ખાસ આવશ્યકતા છે. ગોળમેજી પરિષદમાં ભાગ લેવા સંબંધમાં મહાત્મા ગાંધીજી તેમજ અન્ય દેશનેતાઓએ ત્રણ શરતો મુકી હતી (૧) ગોળમેજી પરિષદ્ ખાલી ચર્ચા કરવા માટે બોલાવવી ન જોઈએ પણ સંસ્થાનિક સ્વરાજ્યનું બંધારણ નક્કી કરવાના નિશ્ચત ઉદ્દેશપૂર્વક બોલાવવી જોઈએ (૨) સંસ્થાનિક સ્વરાજ્ય એટલે અન્ય સંસ્થાનો સાથે સંપૂર્ણ સમાનતા અને જ્યારે ઈંગ્લાંડ કે હિંદને મહારાજ્ય મંડળમાંથી છુટા પડવાની ઇચ્છા થાય ત્યારે બન્ને પક્ષને છુટા થવાની સંપૂર્ણ સ્વતંત્રતા હોવી જોઈએ. (૩) દેશના નામે અત્યાર સુધી અને હવે પછી થનારા દેવાની યોગ્યતા અને જવાબદારી નક્કી કરવા માટે સ્વતંત્ર પંચની નીમણુક થવી જોઈએ. આ સામે સરકારનો આટલી બધી લડત અને આત્મભોગ આપ્યા છતાં શું જવાબ હતો? સરકાર તો એકજ વાત કહેતી રહી કે સવિનય ભંગની હીલચાલ બંધ કરો અને પોતે જેનો ભરવા માગે છે તેવી ગોળમેજી પરિષદમાં ભાગ લ્યો. કયો સ્વમાની હિંદી આવી પરિષદમાં ભાગ લઈ શકે? આવી અસ્પષ્ટ સ્થિતિ ઉપર આવો ભારત વ્યાપી સંગ્રામ કેમ અટકાવી શકાય? રાજ્યનીતિ અને છળ પ્રપંચમાં કુશળ સરકાર સાથે પુરી ચોખવટ કર્યા સિવાય એક પણ પગલું ભરવામાં કેવળ જોખમ ખેડવા જેવું છે અને મેળવેલું બળ ગુમાવવા જેવું છે. આ કારણે મહાસભાએ ગોળમેજી પરિષદનો સચોટ વિરોધ કર્યો. જે પરિષદમાં આખા દેશની ખરી પ્રતિનિધિ સંસ્થા ભાગ લેવા ના પાડતી હોય તે પરિષદનો કશો અર્થજ નથી એ સ્પષ્ટ હોવા છતાં સરકારે નીમેલા કેટલાક ગૃહસ્થો આજે પ્રસ્તુત: પરિષદમાં દેશના નામે ભાગ લેવા અને દેશનું ભાવી નક્કી કરવા પડયા છે તેઓએ આવા કટોકટીના વખતે દેશનો ભારેમાં ભારે દ્રોહ કર્યો છે. આવી પરિષદ્ અને તેમાં ભાગ લેનારાઓને વખોડી નાંખવા અને ચાલુ લડતને પુર જોસથી આગળ ધપાવવી અને શુદ્ધ બલિદાનોને લીધે જે કાયરતાના ચિન્હનો આજે ક્ષિતિજ ઉપર છુટાં છવાયાં દેખાવા લાગ્યાં છે તે કાયરતાને ભેદીને અન્તિમ ધ્યેય સિદ્ધ ન થાય ત્યાં સુધી વર્તમાન સંગ્રામને સતત બલિદાનો વડે વધારે ને વધારે ઉગ્ર બનાવવો એજ આપણો આજે ખરો રાષ્ટ્રધર્મ છે."

**શ્રીયુત વીરચંદ પાનાચંદ શાહ**:—ગોળમેજી પરિષદના પોલાણ વિષે લાંબુ વ્યાખ્યાન કરવાની હવે જરૂર નથી. સરકારની છળબાજીનો આ નવો દાવ છે અને આપણા કમભાગ્યે આપણા કેટલાક દેશબંધુઓ મહાસભાની અવગણના કરીને તેમાં ફસાયા છે તેઓ જેવા જાય છે તેવાજ પાછા આવવાના છે. મુંબઈએ આ સંબંધમાં સચોટ વિરોધ દર્શાવ્યો છે અને આખી સુધરેલી દુનિયા આ ધાંધલથી વાકેફ થઈ છે. આવી પરિષદ્ સામે વિરોધ દર્શાવવા માટે જૈન બંધુઓ એકત્ર થાય છે તેથી મને ખૂબ આનંદ થાય છે. જો આપણે અહિંસાને વિશાળ અર્થમાં સમજીએ અને અત્યારના રાષ્ટ્રસેવકના જીવનને વધારે બારીકાઈથી નીહાળવા પ્રયત્ન કરીએ તો આ યુધ્ધ ખરી રીતે જૈનોનુંજ છે અને અત્યારનો રાષ્ટ્રસેવક એ એક રીતે જૈનજ છે એમ આપણને લાગ્યા વીના ન રહે. કારણ કે જૈનને જૈનત્વ ધારણ કરવા માટે જે જે ગુણોની અપેક્ષા હોય છે તે સર્વ ગુણો એક સાચા રાષ્ટ્રસેવકમાં એટલાજ પ્રમાણમાં અપેક્ષિત છે. આજની લડાઈ અહિંસા અને સત્ય ઉપર નિર્ભર ઉભી છે; આજના રાષ્ટ્ર સેવકને જેને સ્વાભાવિક જીવન થઈ પડયું છે અને જેણે સ્વાશ્રયને જીવ્યો છે; કઠણ જીવન સ્વીકાર્યું છે; વ્યસનોથી જે દૂર છે; સંયમ જેની સર્વ પ્રવૃત્તિઓનો સુર છે. ગમે તેવાં કષ્ટો અને પ્રહારો પડતાં જે સમભાવ જાળવી શકે છે અને સત્ય પ્રતિજ્ઞાને વળગી રહે છે તેને મન જેલ મહેલ જેવી છે. તેજ ખરો રાષ્ટ્ર સેવક છે અને આનું નામ જૈનત્વ નહિ તો બીજું શું છે? જૈનને ઉચનીચનો ભેદ ન હોય; સર્વ પ્રત્યે પ્રેમ અને આદર હોય. રાષ્ટ્ર સેવક પણ આજે અસ્પૃશ્યના ઉધ્ધારમાં હિંદુ મુસલમાનની એકતા સાધવામાં ઓતપ્રોત છે. દારૂનિષેધ પ્રવૃત્તિ જેટલી રાષ્ટ્ર સેવકને કર્તવ્ય છે તેટલીજ જૈનોને કર્તવ્ય છે અને ખાદી એ વસ્ત્ર સંબંધમાં અહિંસા ધર્મમાંથીજ નિપજતો એકાન્ત વ્યવહાર ધર્મ છે. રાષ્ટ્ર સેવક પણ રાગદ્વેષને જીતવાના છે અને જૈનના જીવનનું તો એજ મુખ્ય ધ્યેય છે. આ રીતે જૈન ધર્મ અને વર્તમાન રાષ્ટ્ર સેવા મને તો એટલા બધા ઓતપ્રોત થયેલા દેખાય છે કે આ લડાઈ જૈનો એ પોતાનીજ છે એમ સમજીને ઉપાડી લેવી જોઈએ અને અન્ય વર્ગો સાથે પોતાથી બને તેટલો ફાળો આપી સ્વતંત્રતા સર કરવી જોઈએ આજે તમને હું સાંપ્રદાયિક દ્રષ્ટિથી બને તેટલા છુટા થઈને બધું જોતાં સમજતાં અને આચરતા શિખવાનો આગ્રહ કરું છું. તમારા આગેવાનોને પણ એજ કહું છું કે જૈન ધર્મના મુખ્ય સિદ્ધાન્તો આજે જગત્ સાંભળવા અને ઝીલવા બહુ આતુર છે પણ તે તમે જૈનધર્મ ફેલાવવાના બહાને લોકોને સંભળાવવા જશો તો કોઈ નહિ સાંભળે પણ સામાન્યપણે દેશના અને વિશ્વના કલ્યાણ કાર્યમાં આ સિદ્ધાન્તોની શી ઉપયોગિતા છે એ દ્રષ્ટિએ અહિંસા—સત્ય—બ્રહ્મચર્ય—અપરિગ્રહ આદિભાવનાઓનું સ્વરૂપ જે રીતે તમને જૈનધર્મે સમજાવ્યું છે એ રીતે સામાન્ય જનતા આગળ સાદી ભાષામાં રજુ કરશો તો તેનો જગત્ ખૂબ આદર કરશે એવી મારી ખાત્રી છે."

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।
युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥

શ્રીમદ્ હરિભદ્રસૂરિ.

# અર્થ-કામની વાતો !!

ગુજરાતના આંગણે આજે શું ચાલી રહ્યું છે! અભણ તરિકે ઓળખાતા છતાં ભણેલાને પણ દાંત કરડવા પડે તેવી નિડરતા દાખવનારા ખેડુતો આજે જે આદર્શ રજુ કરી રહ્યા છે એ સદીઓ સુધી ભુલાશે નહીં. પ્રતિજ્ઞા પાલન ખાતર-સાચી ટેકની રક્ષા સારૂ-આજે તેઓ વ્હાલા વતનની કે હાટ હવેલી કિંવા જીવન સાથીસમા ખેતરને છોડવાની પાછી પાની કરતા નથી. આ ભોગો પુરી દેનાર પ્રજા સામે માલ, મિલ્કતની ખુવારી, લાઠી બંદુકના પ્રહારો આદિ કંઇ કંઇ પ્રકારની હાડમારીઓ નજર સામે ખડી છે. ન્યાયના નામે ભજવાતા આ ફારસ પ્રતિ આમજનતા તરફથી આંગળી સરખી ઉંચી કરવામાં આવતી નથી. પઠીઆર એમ પણ નથી થતું કે મારી આજીવિકાના આ સાધનો નષ્ટ પામતાં હું શું કરીશ ને શું ખાઇશ? આત્મવિશ્વાસ ને પ્રભુ શ્રધ્ધા વગર આટલું વીર્ય ભાગ્યેજ ફોરવાય! આજે અભ્યાસ કે અલ્પ માત્ર જ્ઞાન આજે આચરણમાં કેવું દીપી નિકળે છે! ધર્મ પણ વાતોથી નથીજ શોભતો. એની શોભા તો વર્તન પર અવલંબે છે.

જૈન સમાજ ચિરકાળથી વિચારશે તો જણાશે કે આ બધા શિક્ષાસૂત્રો એના ઘરના છે. અર્થ-કામને પણ જૈન ધર્મ પુરૂષાર્થજ માને છે. એના સાહિત્યમાં અર્થની ઉપાસના કરી વિપુલ દ્રવ્યાર્જન કરનારાને ધર્મ કે દેશની સેવામાં વાપરનારાના નામો સંખ્યાબંધ જડે તેમ છે. કામ તૃપ્તિમાં જીવનનો મોટો ભાગ વ્યતીત કરનારા પણ એજ સાહિત્યના પાને શોભે છે. એમની જ્ઞાનદશા સતેજ થતાંજ પુરૂષાર્થનું સુકાન બદલાઇ જતાં વિલંબ થતો નથી. એવાઓએ પોતાને નામે અનેરો ફાળો નોંધાવેલો છે તેથીજ 'कम्मे सूरा धम्मे सूरा' જેવું સૂત્ર પ્રચલિત થયું છે. આ લખવાનું તાત્પર્ય એટલુંજ છે કે અર્થ-કામની વાતો કરનારા સાવ ધર્મથી વિરૂદ્ધ છે એમ કહેવામાં જરા પણ ડહાપણ નથી. ધર્મ વસ્તુજ એવી છે કે એનો બાહ્ય પદાર્થો સિવાય આંતરિક દ્રવ્યો સાથે વધુ સંબંધ છે. અત્રુક્રમાંજ ધર્મને સમાવી બેસવું એ સમજણનું લક્ષણ નથી. સાચો ત્યાગી સંસારના કાર્યો સામે ઉપેક્ષા ધારણ કરી સ્વઆત્મ કલ્યાણના માર્ગે રકત રહે. પણ જો તેનાથી એમ નજ બની શકતું હોય તો તે એટલું અવશ્ય સમજી રાખે કે પોતે હજુ પ્રમત્ત ગુણસ્થાનકે વર્તે છે. એટલે સ્વાર્થ સાધવાની સ્પૃહા સિવાય જે માર્ગે આવકારમંતું-સારી જનતાનું શ્રેય સધાતું હોય, જે દ્વારા શાસન જયવંતુ વર્તે તેમ હોય, તેને લગતો ઉપદેશ અવશ્ય તે આપે માત્ર મનમોજી-પણે અર્થ-કામના નામે ભાગતો ફરે તેથી તે ધર્મ પુરૂષાર્થ સાધે છે એમ નહીંજ કહી શકાય. ભૂતકાળમાં જૈન સમાજની જે ઉન્નતિ હતી તેનું કારણ તે સમયના પ્રભાવિક પુરૂષોનું દીર્ઘદ્રષ્ટિપણું હતું. તેઓએ મૂળ સિધ્ધાંતને જરા માત્ર ક્ષતિ પહોંચાડયા સિવાય અવાંતર સાધનો વડે ધર્મ પ્રચાર કરવામાં ને સંખ્યા વધારવામાં કચાશ રાખી નથી. ઘેર ઘેર બોધના કિરણો પહોંચાડવા માટે તેઓએ પરિશ્રમ સેવી પ્રભુ વચનોને દેશકાળને ઉચિત ભાષામાં વણી નાંખવા વાર લગાડી નથી. નવસર્જન કરવામાં મૂળ વસ્તુને કાયમ રાખી કલ્પના સૃષ્ટિમાં યથેચ્છ ઉડ્ડયન કર્યું છે. ભૂતકાળની ઉજ્જવળતા એનેજ આભારી છે.

પણ આજે કરવાનું તો દૂર રહ્યું; પણ જે કરી રહ્યા છે તે સામે પથરા ફેંકાય છે. રચનામાં કૌશલ્ય ન દર્શાવતાં ભાંગફોડમાં એના પડઘા પડે છે. મૈન સેવવાને સ્થાને વગર વિચારે થુંક ઉડાડી કેવળ ધર્મના નામે વગોવણી કરાવવાના જુથ્થા બન્યા, ઘેલા ભક્તો સામે ભજવાય છે. સાચી તાકાત હોય તો આજે પ્રાચીન સાહિત્યને ચાલુ યુગને અનુકુળ ભાષામાં ગુંથી શા સારૂ ઉગતી પ્રજા સામે ધરવાના યત્ન નથી આરંભાતા. ગાંધીજીની આત્મકથા કે સૌરાષ્ટ્રની રસધાર લોકો હોંસે હોંસે વાંચે તો તેવીજ શૈલીમાં કેમ? આપણા રાસાના પ્રકાશનો ન તૈયાર કરવામાં આવે? ચાલુ યુગમાં શૌર્ય પ્રેરે તેવા કિસ્સાઓનો ઉદ્ધાર કરી જૈન સમાજમાં પ્રાણ પ્રેરણા કરવા સારૂ આ સોનેરી તક છે. અફસોસ માત્ર એટલોજ છે કે આવા મોંઘેરા સમયે અમારા આગમ ઉદ્ધારકો અને પ્રવચનના દાવાદારો ધર્મદેશના વેળા જયંતભરની એક મહાન વ્યક્તિ પ્રતિ થુંક ઉડાડવાનું કાર્ય આદરી બેઠા છે. એમના ભક્તો છાપામાં પદ્ધરની અર્ચાના પુરાણ પ્રકાશી રહ્યા છે. આટલું પછડાયા છતાં, તેમની આંખુઓનું ઘેન ઉતર્યું નથી. હજુ પણ તેમનું જગત્ એટલે તેમની ચોસાવટી અને શાસન પ્રેમ એટલે 'વીરશાસન' છાપાની લેખમાળા સમજાય છે! જ્યારે કાલે દેશ સમસ્ત નવી રોશનીમાંથી પસાર થાય છે ને કાલે આ ધર્મના ઠેકેદારો અર્થ-કામની ના પાડનારો દંભ સેવતાં છતાં માત્ર પદવીની લાલસા ને માનની મથરાળમાં આળોટી રહ્યા છે!

---

## શેઠ જીવાભાઈ પ્રતાપશીને બીજી ચેલેંજ.

કોન્ફરન્સ ઉપર શેઠ જીવાભાઈએ કરેલા આક્ષેપના સંબંધમાં 'જાગૃકાર' મુંબઇ સમાચારમાં નીચે મુજબ જણાવે છે.

"જુન્નેર અધિવેશન સંબંધે સત્તાવાર ખુલાસાઓ પ્રકટ થઇ ગયા છે એટલે ફરી એજ વાત કરવામાં કંઇ સાર નથી અને બધી હકીકતો પણ બહાર પાછી સમજણ વર્ગે તો ક્યારનોયે નિર્ણય કરી લીધો છે. પ્રતિનિધિ ન હોવા છતાં તેવા ટીકીટો મેળવવા આગ્રહ કરવો અને ચુંટાઇ આવેલ હોય તેમણે ટીકીટો ન લેતાં ધાંધલ મચાવવામાં આવે તો તેવા ટીકીટ ન ધરાવનારાઓને અટકાવવામાં ન આવે તો શું બને? કાયદાસર ચુંટાઇ આવેલ અને ટીકીટ લીધેલ પ્રતિનિધિઓને અટકાવવામાં આવ્યા હતા તેનું લીસ્ટ મહેરબાનીની રાહે શેઠ પોતે પાસ હોય તો પ્રગટ કરવું જોઇએ."

કોન્ફરન્સ જેવી સંસ્થા ઉપર ખોટા આક્ષેપો કરવા તે સજ્જન માણસનું કર્તવ્ય હોઇ શકે નહિ. જો આક્ષેપો સાચા હોય તો જાગૃકારે માંગેલું લીસ્ટ શેઠ સાહેબ શા માટે પ્રગટ કરતાં નથી. શેઠ જીવાભાઇએ કર્યાં તો તે હકીકત પાછી ખેંચી લેવી જોઇએ અગર તો લીસ્ટ પ્રગટ કરવું જોઇએ કે આટલા આટલા માણસોને હક હોવા છતાં ટીકીટો મળી નથી. સ્ટેન્ડીંગ કમીટી શા માટે આ બાબતનો વિચાર કરતી નથી.

શ્રી

# ?

સખી! ઉભરે વિચાર વાણી વર્તને;
સમભાવ કેરાં મીઠડાં એ વ્હેણમે—
આત્મન્ રમે સમભાવમાં.

* * *

જગતે નહિ જોએલું અને ઇતિહાસમાં નહિ નોંધાએલું એવું અપૂર્વ ધર્મયુધ્ધ આજે હિન્દ લડી રહ્યું છે. આ ધર્મયુધ્ધ બીજાના દેશ પચાવી પાડવા માટે, કોઈપણ અન્ય પ્રજાને ગુલામ બનાવવા માટે, પોતાના વેપાર ઉદ્યોગને ખીલવવા માટે, વેચાણના બજારો હાથ કરવા માટે કે ધર્મ પ્રચારના ઝનુનથી નથી મંડાયું, પણ જગત જુની એકપ્રજા—દેશદેશની મધુરીમૈયા—ભારતી—ના પુત્રો—એ 'અમારો દેશ અમારો છે અને એ અમારા માટેજ રહેવો જોઈએ' એ જન્મસિધ્ધ હક્કને સાબીત કરવા માટે માંડયું છે.

અને આ યુધ્ધની પ્રેરક એ વિશ્વવંદ્ય વિભુતિએ પ્રજાના હાથમાં અહિંસા અને સત્યનાં શસ્ત્ર મુકી પ્રેમ અને શૌર્યનાં કવચ પહેરાવ્યાં છે. આમાને આત્મદાન આપવાના અભિગ્રહ લેવડાવી સહન કરવાના પાઠ શીખવાડયા છે—બલિદાનનાં—ખપી જવાની ભાવનાનાં—પ્રેરણામૃત પાયાં છે. અને એ અમૃત પી પીને અમર બનેલાં ભારતનાં સંતાનો—હજારોહી અનેકો:—યુદ્ધમાં અડગ રહી બલિદાન આપી રહ્યાં છે. એટલે આ યુધ્ધને યુધ્ધ કહેવા કરતાં મુક્તિયજ્ઞ કહેવો એજ વધારે ઉચિત નથી?

—પણ આ યજ્ઞમાં આહુતિ બનવાની તત્પરતા દાખવનારને જગતનાં ચોકમાં ઉભી સમાનતાની બાંગ પુકારનારનું ન્યાય શાસ્ત્ર ગુન્હેગાર ગણે છે—'સ્વદેશ પ્રેમને' ધર્મ માનનારો શાસકો શાસિત પ્રજાના 'સ્વદેશ પ્રેમ' ને ગુન્હો ગણે છે. એ શું સુચવે છે?

* * *

મુડી અને મજુરીનો સંગ્રામ હવે તો વિશ્વવ્યાપી બની રહ્યો છે. આર્થિક અસમાનતામાંથી ઉદ્‌ભવતો અસંતોષનો દાવાનળ પ્રથમ રૂશીઆમાં ફાટી નીકળ્યો—રાજમુકુટ ધુળમાં રોળાયો અને આર્થિક સમાનતાનાં બીજ રોપાયાં. ત્યાર પછી તો પૃથ્વી સૂર્યની આસપાસ દશ બાર આંટા ફરી ચૂકી અને એ અરસામાં તેણે પોતાની વિનાશક અને સર્જક શકિતની પ્રત્યક્ષ પ્રતિતી જગતને આપવા છતાં મુડીવાદીઓની આંખ ઉઘડે છે ખરી? આર્થીક અસમાનતા વિશ્વમાંથી કદાપિ અલોપ થઈ શકય હોય કે ન હોય તો પણ જેનો ઉત્પાદનમાં સારામાં સારો હિસ્સો છે તે શકિતની અવગણના કરવી એ પણ યોગ્ય છે ખરી? અને ક્યાંય પોતાના વાજબી હક્કો માટે—એક મનુષ્ય તરીકેની જરૂરીઆતો સહજીવી શકે તે માટે—લડનારને મુડીવાદે નિર્દોષ માન્યા છે ખરા?

* * *

ત્યાગ—સંન્યાસ—માર્ગ એ સર્વદા શ્રેષ્ટ અને વંદનીય છેજ. વ્યક્તિગત જીવન વિકાસ સાધી જનતા જનાર્દનના ચરણે જીવન સમર્પણ કરનારાઓના ચરણે જનતા પોતાની સર્વ સમૃધ્ધિ સમર્પણ કરવા આતુર હોય એ સ્વાભાવિક છે. પરંતુ જ્યારે એ ત્યાગની પરંપરામાં સડો દાખલ થાય છે—ત્યાગી, જગતને આદર્શરૂપ અને પ્રેરણા આપનાર બની રહેવાને બદલે, સાત્વિક ભાવે સત્યનું નિરૂપણ કરવાને બદલે, અહંભાવથી પ્રેરાઈ શબ્દ માત્રને સત્ય તરીકે સ્વીકારવામાંજ કલ્યાણના દરવાજા ખુલી જવાની પ્રતિતી આપવા તૈયાર થાય છે, ત્યારે માનવ સહજ નિર્બળતા ધાર્મિક જીવનમાં સડો દાખલ કરે છે અને અનર્થોની પરંપરા ઉભી થાય છે. એ અનર્થોને નિવારવાના પ્રયત્ન—વિનતીરૂપે, દલીલરૂપે, કે સુચનારૂપે—ને નાસ્તિકતાનું ચિન્હ આપી તેને દબાવી દેવાના ધમપછાડ થાય છે. માદક પ્રવાહ વગર મહેનતે સ્વર્ગનાં દ્વાર ખુલી જવાની લાલચે 'વિકારી માનસ' ની પાછળ અંધશ્રધ્ધા રાખી, નહી દોરાનારની સ્હામે ખેલાતા પ્રપંચો અને દાવપેચમાં સાધનરૂપી બની જાય છે. અને 'ધર્મ' એ વિકાસનું સાધન મટી કેવળ 'શબ્દનાં યુદ્ધ' ખેલનાર પાખંડીઓ માટે એક હથીઆર બની રહે છે. જીવન, આ અનિચ્છનીય સ્થિતિ સ્હામે બંડ પોકારે છે ત્યારે સ્વર્ગ અને નર્કના જુદા જુદા દરવાજાની કુંચીઓના ઝુડાને હાથમાં ખખડાવતા એ દ્વારરક્ષકો ઝનુની બને છે અને ધર્મપ્રચારના ઝનુનમાં જે ઘોર અત્યાચારો ખેલાયા છે, તેની પુનરાવૃત્તિઓ પોતાની સરી પડતી સત્તાને કાયમ રાખવા—પોતાના અનુયાયીઓને પોતાની આજ્ઞાના ગુલામ બનાવી રાખવાને માટે એ કહેવાતા 'ધાર્મિક જીવન'ના રક્ષકોને હાથે થઇ છે; અને થાય છે. એ હકીકતો શું હજુય જગતથી અજાણી છે? અને આ અત્યાચારો સહન કરીને પણ સત્યને સ્થાપિત કરવાના પ્રયત્નો કરનારના યશસ્વી અને પ્રેરક જીવન જગતના ઇતિહાસમાં—ખાસ કરીને ભારતના ઇતિહાસમાં—મળવાં બહુ સુલભ છે.

—અંધશ્રદ્ધાના જોર પર નભતી પોપશાહી કે સત્તાના બળે ચાલતી રેસ્પુટીનશાહીનો પ્રજાના પ્રચંડ પ્રકોપે વિનાશજ કર્યો છે. એ હકીકતો તો આજે સાદી વાતો બની ગઇ છે. આજના પોપજીઓ આમાંથી કંઇ પણ ધડો નહીજ લે?!

* * *

'આપણે સૌ કલ્યાણ ધામના પ્રવાસી છીએ અને પ્રત્યેક પ્રવાસીને પોતાનો પંથ પોતાનેજ કાપવાનો છે' એ લક્ષ્યમાં રાખી ત્યાગીઓ આદર્શરૂપ બની માત્ર પ્રેરકજ બની રહેતો?

* * *

"પ્રસન્ન દેવતા રહે, ત્યાં સન્માન પામે સુંદરી" એ વાક્ય ઉચ્ચારનાર ભગવાન મનુ બીજી બાજુ ઉચ્ચારે છે કે: "સ્ત્રી સ્વતંત્ર હોઇ શકેજ નહીં." અને આ પૂજ્ય પૂર્વજે આપેલી શીખામણનો વારસો આપણે વંશપરંપરા લગભગ આજ દીન સુધી બહુ કાળજીપૂર્વક નથી સંભાળી રાખ્યો એમ કહેવાને કોઇ તૈયાર છે ખરૂં? અરે! એ મનુના નામે અને તેના સુત્રના આધારે આપણા સમાજના સત્તાધીશોએ અને આપણી નીતિના રક્ષક હોવાનો દાવો કરનારા ભદ્રંભદ્રોએ શીખામણના સુત્રો, વટહુકમો અને મર્યાદાઓ મુકીને 'એ શકિત'ને 'અબળા' બનાવવામાં શી બાકી રાખી છે! અને એ ભયંકર ભુલનાં માઠાં પરિણામ આપણે ભલે ભોગવ્યાં હોય એ પાપનું પ્રાયશ્ચિત તો સમાજે કરવું બાકીજ છે.

—અને 'શિખામણના સુત્રો' જાણી જઇ 'વટ હુકમો'ની સામે માથું ઉંચકી, મુકેલી 'મર્યાદા'ઓને ઓળંગવાનો પ્રયત્ન કરનારને મનુષ્યની ગણત્રીમાંથી પણ બાદ કરવાનું બની શકે તો તેમ કરવાને પણ ન ચુકનાર એ મહાન નીતિવાદીઓ (?) જ્યારે આજે ઘરને ખુણે આંગળીના વેઢા ગણે છે, ત્યારે એજ જાગ્રત બનેલી શકિતઓ સમરાંગણમાં મોખરે ઝુઝે છે. આ શું સુચવે છે?

—"માતાઓના પયપાનમાં જ્યારે બાળકો સ્વાતંત્ર્યનાં પાન કરશે; ભગિનીઓના સ્નેહ—ઉમળકામાં બંધુઓને સ્વાતંત્ર્યની સુવાસ મળશે; પત્નિની પ્રેમ ભરી દ્રષ્ટિમાંથી પતિ સ્વાતંત્ર્યની પ્રેરણા પામશે; અને પુત્રિઓના હાસ્યકલ્લોલમાં પિતાઓ જ્યારે સ્વાતંત્ર્યના મોજાંઓ નિહાળશે ત્યારે અને ત્યારેજ 'સ્વાતંત્ર્ય ભારત' એ સ્વપ્ન સાચું હશે!"

* * *

આપણા સામાજીક જીવનને રૂંધી નાખતા પ્રશ્નોના ઉકેલ માટે, સમાજને પોતાના ભરડાથી ભીંસી રહેલી બદીઓના વિનાશ માટે, પ્રગતિને અવરોધનાર રૂઢીઓ અને રિવાજોમાં પરિવર્તન લાવવા માટે, સમાજનો એક ભાગ સામુદાયિક બળ કેળવી માથું ઉંચકે તે પહેલાં આપણા સમાજના એ થઇ બેઠેલા સત્તાધારીઓ નહીજ ચેતે?!

—'आत्मवत् सर्व भूतेषु' એ ભાવનાને જગત્ જેટલે દરજ્જે પચાવશે તેટલેજ દરજ્જે 'વિશ્વશાન્તિ' શક્ય બનશે એ સાચું નથી?

11/10/30. — FEDIST.

# આ તે સાધુની ભાષા કહેવાય?

જૈન દર્શને રચના ધરી રૂપ અનેકાંતવાદ પ્રાણીને સમજવો ઘણો કઠીણ છે. સમજવા છતાં તે પચાવવો એ બહુ મુશ્કેલ છે અને સંકુચિત મનોદશાવાળા પ્રાણીની બુદ્ધીમાં એનું યથાર્થ સ્વરૂપ ઉતરવું એ તો અત્યંતર દુષ્કર છે.

જ્યારે અસદ્આગ્રહી મીથ્યાભીમાની ક્ષુદ્ર પ્રાણી? અથવા અયોગ્ય પાત્ર? સંતપુરૂષોનેજ યોગ્ય એવા પવિત્ર ધર્માસનપર બેસી તેનો નીર્દેશ જે ભાષામાં કરે છે ત્યારે તે શ્રોતા થયા પછી હાલની પરીસ્થીતીના અંગે વીવેકી ધર્મીજનોના હૃદયમાં આઘાત થયા વીના રહે નહીં.

થોડા દીવસ પહેલાં મ્હારા મીત્રના આગ્રહથી લાલબાગમાં વ્યાખ્યાન સાંભળવાનું મને સૌભાગ્ય પ્રાપ્ત થયું. ત્યાં શાસ્ત્રના નામે ધર્મવ્યાખ્યાનમાં કેવા કેવા શબ્દોનો પ્રયોગ થાય છે તે સાંભળ્યા પછી જૈન શ્રમણોના શ્રીમુખે? આવા મધુર શબ્દનો વચન પ્રવાહ? શ્રોતા થવાનો જીંદગીમાં પ્રથમ અનુભવ થયો.

હા? પ્રખર વક્તાનું જે બિરૂદ તેઓશ્રીને તેમના અનુયાયીઓ તરફથી અર્પેલ છે તે બીજા શુ અર્થમાં યથાર્થ હોય તેમ જણાય છે

લાલબાગના પ્રખરજીના પ્રવચનના શબ્દ લાલીત્યની મધુરતાના જે શબ્દો મને શ્રુત થયા છે તેમાના થોડાક નમુના અત્રે ટાંકુ છું.

**પ્રખરજી ઉવાચ:**

"કેટલાક મુર્ખાઓ, બેવકુફો, ઉલ્લુઓ ક્રીયામાં શુન્ય "હોય છે અને પરણતી (ભાવ) ને પ્રાધાન્ય ગણી તેઓ "ક્રીયા કરતા નથી. આવા મુર્ખાઓ, બેવકુફો અને ઉલ્લુના "સરદારો કેટલાક આપણામાં છે વીગેરે વીગેરે કહી આવી મધુર શબ્દ ધ્વનીમાં જેને ઉદ્દેશીને બોલીને હમેશા તરદી લેવી પડે છે તેઓને માટે ઠીક ઠીક એક કલાક સુધી પુરૂષાર્થ કરી સ્વહૃદય શાંતિ કરી.

આ પ્રખરજીને બાળબ્રહ્મચારી! કે જેઓના બ્રહ્મચર્યના ઓજસની પ્રતીભા! જગતને આશ્ચર્ય પમાડે? તે પ્રખરજીનો આત્મા કષાયોથી કેટલો લીપ્ત છે તેનું ભાન વીવેકી શ્રોતાઓને તો જરૂર થયા વીના રહે નહીં. પણ સમાજમાં જી હજુરી કરનાર આજીવીકા પોષી સાધુઓ, તથા અસત્ય કીર્તી લુંપાનું વલન આવાઓનું પોષણ કરનાર તેમજ અનુમોદન કરનાર થોડો સમુહ સમાજમાં છે એ હાલની પરીસ્થીતીમાં સંયોજનું દુર્ભાગ્ય છે. પરમાત્માની કૃપાથી તે જલ્દી સુધરે.

જૈન શાસ્ત્રોમાં તો ભાષા સમીતી માટે બહુ બહુ લખવામાં આવેલ છે. વચન ગુપ્તી માટે ઘણું કહેવાયું છે. તેમાં સાધુની ભાષા તો સૌમ્ય, સુમધુર અને પરીમીત હોય કે જે ભાષાથી આતતાયી પણ શાંત થાય.

શાસ્ત્રમાં ભાષા સમીતી અને વચન ગુપ્તી માટે બહુ કહેવાયું છે તે પ્રખરજી ધ્યાનમાં લઈ જીભડી કાબુમાં રાખશે તો તેટલે અંશે તેમના આત્માનું કલ્યાણ છે.

શુદ્ધ ભાવે આટલું લખેલું તેમના માટે કલ્યાણરૂપ થાઓ એમ ઇચ્છતો શીવમસ્તુ.

શિવલાલ લવજી શાહ.

# નેમુભાઇની વાડીનો કિસ્સો.

સુરતથી રા. રા. શેઠ લખી જણાવે છે કે:—

નેમુભાઇની વાડીના ઉપાશ્રયમાં ચાતુર્માસ રહેલ એક સાધુને માળીફળીઆના ઉપાશ્રયની એક સાધ્વી વચ્ચે કેટલોક વખત થયાં રાત્રે ઠલ્લે જવા નિમીત્તે અયોગ્ય વર્તાવ ચાલતો હતો. મજકુર સાધુને સાધ્વી વચ્ચેનો અયોગ્ય સંબંધ સુધારકો ને તટસ્થોએ નજરોનજર જોયો. તેમણે સોસાયટીવાળાઓને એ વિષે ઘટતી વાત કરી, છતાં તેમને પ્રતીતી ન થઇ એટલે બધુયે દશ્ય બરોબર દેખાડાયું. આ રોમાંચક કીસ્સાના ફોટા પણ લેવાયા. આ કીસ્સાથી સોસાયટીવાળાઓના દુર્ગમાં મોટું ગાબડું પડ્યું છે. તેમનું પ્રચારકાર્ય અટકી પડ્યું છે. વ્યાખ્યાન સીવાય સ્ત્રીઓએ ન આવવાનાં પાટીઆં ખાસ મારવાની જરૂર પડી છે.

## પાટણનો જૈન ઝઘડો.

જ્યારે વીરોધીઓ ઇચ્છા વીરૂધ્ધ મામલો જાય ત્યારે તેઓ સ્વભાવીકજ ઉંચા નીચા થાય પરીણામે તેઓ જુઠાણા ફેલાવે તેમાં કંઇ નવાઇ નથી પણ અમારે દીલગીર થવા જેવું કશું નથી "પાટણનો સાચો જૈન" ના નામધારીએ ગુપ્ત રહી યુવક સંઘને જાહેરમાં ઉતારી પાડવા કેવળ ઇરાદાપુર્વક હળાહળ જુઠો, દ્વેષથી ભરેલો ઉપરના મથાળાવાળો એક ફકરો મુંબઇ સમાચાર તા૦ ૪-૧૦-૩૦ ના પાના ૯ ઉપર છપાવ્યો છે જાહેરની જાણ ખાતર અમારે ખુલાસો કરવો પડે છે:—પાટણમાં યુવક સંઘની મિટિંગ આસો વદી ૯ ને દીવસે ભેગી થયેલી છેજ નહી તેમજ આ નામધારીના લખાણ પ્રમાણે કશું યુવક સંઘને લાગતું વળગતું નથી. પાટણની બીજી સંસ્થાઓ પ્રમાણે આ પણ એક સંસ્થા છે. નગરશેઠ પોપટલાલ હેમચંદ આ સંસ્થાના મેમ્બર પણ નથી. પાટણમાં રહેતો અને પોતાને સાચા જૈન તરીકે ઓળખાવતો આ લેખક શા માટે જૈન જનતાને ઉંધે પાટે ચઢાવી યુવક સંઘ સંબંધી સમાજમાં ગેરસમજ ઉભી કરતો હશે અને પોતાનું નામ જાહેરમાં આપતાં બ્હીતો હશે તે સમજાતું નથી. આથી જૈન સમાજને અમો જાહેર કરીએ છીએ કે આવા ફુટી નીકળેલા નામધારીઓના લખાણો ઉપર કોઇ જાતનો વિશ્વાસ મુકતાં પહેલાં સંપૂર્ણ તપાસ કરવા ચુકવું નહી. લેખક જો સાચો જૈન હોય તો તેનું લખાણ સાબીત કરવા અમો તેને જણાવીએ છીએ, એજ. લી૦

અમૃતલાલ સુરજમલ ઝવેરી,
મંત્રી: શ્રી જૈન યુવક સંઘ, પાટણ.

**સમાચારો:** ખંભાતમાંથી રતિલાલ નામનો વતરાવાળા જેસંગભાઇનો એક છોકરો છુમંતર થઇ ગયો છે. વાયકા સંભળાય છે કે એમાં સાગરજીનો હાથ છે. શાસનપ્રેમી બંધુઓએ શ્રીજીને ચોમાસુ ઉતર્યે ધરવા, ધારેલા નૈવેદ્યમાં આનો મંગળાચરણ થાય છે. જૈનશાળે પોલીસની દોડ ચાલુ થઇ છે.

—જુદા જુદા સ્થળોના ઉત્સાહી યુવકોને પત્રિકા માટે સમાચારો મોકલી આપવા વિનંતિ કરવામાં આવે છે.

**પહોંચ-સ્વીકાર:**—કુડચીના અત્યાચારની તપાસ માટે મળેલી કમિટિનો રીપોર્ટ મળ્યો છે. પાલીતાણા ગુરૂકુળ તરફથી નવા વર્ષનું પંચાંગ મળેલું છે જેમાં શેઠ કાશાભાઇ મગનલાલ મોદીનો ફોટો આપવામાં આવેલ છે.

આ પત્રિકા અંબાલાલ આર પટેલે "સ્વદેશ" પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, માંડવી, મુંબઇ નાં૦ ૩ મધ્યે છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ મનહર બિલ્ડીંગ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ નાં૦ ૨ મધ્યેથી પ્રસિદ્ધ કરી છે.

નવું વર્ષ ને યુવાનો. યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.

# મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૧ લું. અંક ૪૨ મો. | સંવત ૧૯૮૬ ના આસો વદી ૧૩. તા૦ ૨૦-૧૦-૩૦ | છુટક નકલ: ૦॥ આનો.

## સમગ્ર જૈનોની જાહેર સભા.

### શ્રીયુત્ વીરચંદ પાનાચંદને અભિનંદન.

શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સની શ્રી. સ્વદેશી પ્રચાર અને બ્રિટીશ બહિષ્કાર સમિતિ, શ્રી ઘોઘારી સંઘ, અને શ્રી મુંબઇ જૈન સ્વયંસેવક મંડળના આશ્રય નીચે મુંબઇની સંગ્રામ સમિતિના પ્રમુખ શ્રીયુત્ વીરચંદ પાનાચંદ અને સંગ્રામ સમિતિના સભાસદો તથા અન્ય જૈન બંધુઓ જેઓ હાલની રાષ્ટ્રીય આઝાદીની લડતને અંગે જેલ ગયેલા છે તેમને અભિનંદન આપવા સમગ્ર જૈનોની જાહેર સભા મંગળવારે તા૦ ૧૪-૧૦-૩૦ ના રોજ સાહિત્યરસિક શ્રીયુત્ કનૈયાલાલ મુનશીના પ્રમુખપણા નીચે મળી હતી.

શ્રીયુત્ કનૈયાલાલ મુનશીએ પ્રમુખસ્થાન આપવા માટે સર્વનો આભાર માન્યો હતો. આ સભા મુખ્યત્વે કરીને જૈનોની છે અને પોતાનો પણ જૈન તરીકે અર્ધો હક છે તેમ જણાવ્યું હતું. ભાઇ વીરચંદે ખરેખર ઘણીજ હિમ્મત બતાવી છે અને જે સુંદર કામ કર્યું છે તે ફક્ત જૈનોનેજ નહિ પરંતુ દરેક મુંબઇવાસીને ગર્વ ધરાવવાનું કારણ છે. જેલ તો ઘર કરતાં પણ સુંદર બનાવી લીધેલ. એટલે હું જેલને મોસાળ ગણું છું. અને આશા રાખું છું કે ભાઇ વીરચંદની માફક બીજા ગૃહસ્થો પણ મુંબઇનું નાક સાચવશે.

મારી દૃષ્ટીએ તો હજુ આ લડત પાસેરામાં પહેલી પુણી છે અને જ્યારે નવો ઓર્ડીનન્સ મુંબઇને લાગુ પાડવામાં આવશે તે વખતે ખરૂં કામ શરૂ થશે. મુંબઇએ જે શૂરાતન, વીરતા બતાવી છે તેવી બતાવશે.

હજારો વરસો સુધી પૈસા, બૈરી, છોકરાં વ્હાલાં ગણ્યાં— કિમ્મતી ગણ્યાં, તેના પાપ વરસ બે વરસમાં ધોવાં છે; માટે સંપૂર્ણ વૈરાગ્ય વિના મુક્તિ નથી. જીનશાસનનું મૂળ વૈરાગ્ય છે, તેની સિદ્ધી અત્યારે કરી રહ્યા છીએ. અત્યાર સુધી તો વૈરાગ્યની ફક્ત વાતો કરી. વીતરાગની પૂજા પારકે હાથે નજ થઇ શકે. વીતરાગત્વ તો આતેજ સિદ્ધ કરવું પડશે. પૈસાથી કે એવી બીજી વસ્તુથી બાહ્યતી રીતે વૈરાગ્ય સિદ્ધ ન થાય. ભગવાન મહાવીર તો આ જન્મેજ વીતરાગત્વ સિદ્ધ કરવાનું કહી ગયા. આપણી પાસે તો કપડાં, માલ, મિલ્કત વિગેરે છે. સ્વયંભૂ વીતરાગત્વ અત્યારે બારડોલીમાં છે અને ઘરેઘરથી તેવા બહાદુર સૈનિકો નીકળે ત્યારેજ મુક્તિ મળશે.

અત્યારે મને વાત યાદ આવે છે. એક ગોરને ૮૪ વરસ થયાં હતાં અને ગોરાણીને ૮૧ વરસ થયાં હતાં. ગોરાણીને મરણ નજદીક લાગતા, ગોરે એકજ શબ્દમાં કહી દીધું કે સર્વ વાસનાનો ત્યાગ કર તો તુરત મોક્ષ મળે. આપણે ૨૦૦૦ વરસ સુધી ન છોડી વાસના અને ન મળી મુક્તિ. વીતરાગત્વનું સત્ય અને આર્યત્વનો સંદેશ એ છે કે જીવતાં મૃત્યુ પામીએ પણ મુક્તિ વીના વિરામ નથી

શ્રીમતી લીલાવતી બ્હેને વીરચંદભાઇની કાર્ય શક્તિ અને સુંદર સ્વભાવનાં ખૂબ વખાણ કર્યાં હતાં. મુંબઇની મહાસભાને એક વેપારી પ્રમુખ મળે અને સુંદર સુકાન ચલાવે તે સદ્‌ભાગ્યજ ગણાય. વેપારી વર્ગની આટલી મોટી સહાનુભૂતિ મેળવી એ તેમની સુંદર કાર્યશક્તિનો પુરાવો છે. તેમણે એવું સુંદર કામ કર્યું છે કે તે માટે આપણે ગર્વ ધરી શકીએ છીએ.

મુંબઇના માથે નવા હુકમની લડત આવી છે, એટલે દરેક ભાઇ અને બ્હેન પોતાને ઘરે પણ કોંગ્રેસ સમિતિની પાટીઓ લગાડી દેશે અને ખાત્રીપૂર્વક માનું છું કે મુંબઇ પૈસા કે માણસના અભાવે પાછું નહિ પડે અને લડત અત્યારની જેમ ચાલુ રાખશે અને વિજય આપણો છે.

શ્રીયુત મુન્શી અને શ્રીમતી લીલાવતીને બીજી સભામાં જવાનું હોવાથી તેમને હાર તોરા પહેરાવ્યા બાદ શ્રીયુત્ રણછોડભાઇ રાયચંદને પ્રમુખ નીમ્યા. પછી શ્રીયુત્ મોતીચંદ ગીરધરલાલ કાપડીઆ, શ્રીયુત્ મોહનલાલ દલીચંદ દેશાઇ, પંડીત લાલને, વીરચંદભાઇના જેલનિવાસ માટે અભિનંદન આપ્યા હતા. ત્યારબાદ શ્રીયુત્ મણીલાલ જેમલે જણાવ્યું કે બારડોલી અને ખેડા જીલ્લાએ અત્યારે જે સત્યાગ્રહ આદર્યો છે તે જોયા પછી આપણને રાણા પ્રતાપે મેવાડના યુદ્ધ વખતે કરેલો અરણ્યવાસ યાદ આવે છે. હવે પરદેશી કાપડનો આપણી જૈન જનતા બહિષ્કાર કરશેજ એમ હું ખાત્રીથી માનું છું. ત્યારબાદ લલ્લુભાઇ કરમચંદે થોડું વિવેચન કર્યું હતું અને વેપારીઓને અપીલ કરી હતી કે પ્રવૃત્તિને આગળ ધપાવવા આપનો યોગ્ય ફાળો આપશો. બાદ પ્રમુખનો ઉપકાર માની સભા બરખાસ્ત થઇ હતી.

### શ્રીયુત વીરચંદભાઇને અભિનંદન.

ભાવનગરની શ્રી વિજય ધર્મ પ્રકાશક સભાની તા૦ ૧૩-૧૦-૩૦ ને રોજ મળેલી સભાએ નીચે મુજબ ઠરાવ પસાર કર્યો હતો.

મુંબઇની નવમી વોર કાઉન્સીલના પહેલા જૈન પ્રેસીડન્ટ શ્રીયુત્ વીરચંદ પાનાચંદ શાહ જેમને સરકારે ચાર માસની સખ્ત કેદની સજા કરી છે તેમને શ્રી વિજય ધર્મ પ્રકાશક સભાની તા૦ ૧૩-૧૦-૩૦ ની જનરલ મિટિંગ અંતઃકરણપૂર્વક અભિનંદન આપે છે.

વડોદરા શ્રી વીર ધર્મોપાસક જૈન યુવક મંડળની તા૦ ૮-૧૦-૩૦ ના રોજ મળેલી મિટિંગે નીચે મુજબ ઠરાવ પસાર કર્યો હતો.

ઠરાવ.

મુંબઇ નવમી વોર કાઉન્સીલના પ્રમુખ શ્રીયુત્ વીરચંદ પાનાચંદ શાહ અને તેની સમીતિને તેમનાં દેશની આઝાદીની લડતના અદમ્ય કાર્યને અંગે સરકારે કેદીમાન બનાવ્યા છે તે બદલ એક જૈન તરીકે તેમને શ્રી જૈન યુવક મંડળના સભ્યો હાર્દિક અભિનંદન અર્પે છે.

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।
युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥

શ્રીમદ્ હરિભદ્રસૂરિ.

# નવું વર્ષ ને યુવાનો.

વિક્રમ સંવત ૧૯૮૭ નું વર્ષ આવતા બુધવારથી શરૂ થાય છે. રાષ્ટ્ર હીલચાલમાં અને કોમી પ્રશ્નોને અંગે યુવાનોની જવાબદારી દીનપ્રતિદીન વધતી જાય છે. યુવાનો તરફની દરેક ચળવળને વખોડી કાઢવાનો એક પક્ષનો ધંધો થઈ પડયો છે. યુવાનો જૈન આગમને માનતા હોય, જૈન મંદિરના વહીવટોને ચોખ્ખા રાખવા પ્રયાસો કરતા હોય, જૈન મૂર્તિનું પુજન અર્ચન કરતા હોય છતાં પણ કોઈ ચોક્કસ બાબતની વધતી ઓછી જરૂરીઆતને અંગે વિચારો બતાવતા હોય તો તેમને 'મુક્તિના સાધનો' નો નાશ કરનારો કહેવામાં આવે છે. જે સ્થળે દેવદ્રવ્યને અંગે લાખોની મિલકતો હોય તે સ્થળના યુવાનો પોતાના ભાષણમાં, લેખમાં જૈન બંધુઓએ દેવભક્તિને અંગે વિશેષ પ્રમાણમાં દ્રવ્યવ્યયને બદલે અન્ય ક્ષેત્રની પુષ્ટિમાં હાલ દ્રવ્ય વ્યય કરવાની જરૂર છે તેવું સુચન કરે છે તો તેવા યુવાનને દેવદ્રવ્યનો ખાનારો, દેવદ્રવ્યનેજ ઉખેડી નાંખનારા તરીકે ઓળખાવવામાં આવે છે. ભલે તે યુવાનો તીર્થ યાત્રા કરતા હોય જ્યાં દેવદ્રવ્યની તંગી હોય ત્યાં શક્તિ મુજબ દ્રવ્ય વ્યય કરતા હોય. આવી પરિસ્થિતિમાં યુવાનોએ પોતાનું સંગઠન કરવાની ખાસ જરૂર છે તે સંગઠન કરવા માટે જુદા જુદા સ્થળોના યુવકોએ મધ્યસ્થ સ્થળે મળતા રહેવાની જરૂર છે. ચોક્કસ વિષયને અંગે ઉદ્દામ મત ધરાવનારા યુવાનો પોતાનો સ્વતંત્ર વિચાર ભલે ધરાવે પણ કોમની ઉન્નતિના અનેક પ્રશ્નો માટે વ્યવહાર કાર્યક્રમ આપણે ઘડવાની જરૂર છે. દરેક સ્થળોએ તે અમલમાં મુકવાના પ્રયાસોની જરૂર છે. હવે સર્વ સામાન્ય એક પ્રોગ્રામ ઘડી તે પ્રોગ્રામ મુજબ દરેક સ્થળે વ્યવહાર અમલ થાય તેવા પ્રયાસો તે તે સ્થળના યુવાનો મારફત થવા જોઈએ. ગમે તેટલી ગાળો ખાવા છતાં જે ધર્મ પ્રત્યે આપણને પ્રેમ છે તેની ઉન્નતિના પ્રયાસોમાં હિંમત હારવાની જરૂર નથી. આપણે તો ધર્મના દરેક ક્ષેત્રો પુષ્ટ હોવાની જરૂર છે. અમુક વર્ગ અમુક ક્ષેત્રોને પુષ્ટ રાખવા માગતા હોય તો તે હકીકત પુરતો આપણે તેમનો વિરોધ કરવાનો નથી. કારણ કે તે ક્ષેત્રો અપંગ રહે તેવું કોઈ પણ ધર્મી યુવાન ઇચ્છેજ નહિ. બાકીના ક્ષેત્રોને અંગે યુવાનોને ઘણો પ્રયાસ કરવાની જરૂર છે તે પ્રયાસ કયા ધોરણ ઉપર કરવો તે માટે યુવાનોના સંગઠનની જરૂર છે. વ્યક્તિઓના વિચાર છોડી સમગ્ર કોમના હિતના વિચારો માટેજ લક્ષ આપવાની જરૂર છે. ગયા વરસના મુંબઈમાં મળેલા યુવક સમેલને કેટલોક લાભ કર્યો છે. ફરી મળવાથી વિશેષ પ્રકારે વિચારોની આપ લે થશે. ગયા વરસની અંદર સ્થળે સ્થળના યુવક સંઘોના સભ્યોએ યોગ્ય રીતે દેશ પ્રત્યેની પોતાની ફરજ બજાવી છે. કેટલાકો જેલમાં ગયા છે. કેટલાકો એકવાર જેલની સજા ભોગવીને છુટા થઈ ફરીથી લડતમાં જોડાયા છે. હજુ બીજાઓ ઘણા જુદે જુદે સ્થળે રાષ્ટ્રીય લડતમાં યોગ્ય ફાળો આપી રહ્યા છે, જેલની તૈયારી કરી રહ્યા છે. નવા વરસમાં ધર્મ ઉપર દૃષ્ટિ રાખી યુવાનો દેશને માટે ઉચિત ફરજ બજાવી હિંદુસ્તાનની આઝાદીમાં ફાળો આપશે એવી આશા રાખી આ લેખ પુરો કરીયે છીએ.

---

# ધન્ય બારડોલી.

બારડોલી એક વાર હિંદનું થર્મોપીલી મનાયેલું. આજના તેના ખેડુતોએ એ સત્ય પુરવાર કરી દેખાડ્યું છે. થર્મોપીલીની સરખામણી અવશ્ય બારડોલીને શોભાસ્પદ છે છતાં એમાં એક અપૂર્વ વિલક્ષણતા છે જેનો જોડો જગતભરના ઇતિહાસમાં શોધ્યો મળે તેમ નથી. જ્યારે થર્મોપીલીનો ઇતિહાસ લોહીના અક્ષરે લખાયલો છે ત્યારે આ પવિત્ર ભૂમિનો ઇતિહાસ, અમાપ ત્યાગ જ્વલંત ઉદાહરણોથી ભારોભાર ભરેલો હોવાથી સુવર્ણાક્ષરે લખાશે હિંદના ભાવિ સંતાનો સારૂ એ મહાન ગૌરવનો વિષય લેખાશે.

ખેડુત ભાઈઓએ મહાત્મા ગાંધીજી કે સરદાર વલ્લભભાઈને જે વચન આપ્યા હતા તે આજે ખરા કરી બતાવવામાં જરા પણ પાછી પાની કરી નથી. આજે તેમણે સાચી ક્ષત્રીવટ દાખવી છે. પ્રાણ કરતાં 'પણ' (પ્રતિજ્ઞા) ની દરકાર તેઓએ વધુ કરી છે તેથી તો ધાન્યભર્યાં ક્ષેત્રોને છોડી જતાં જરા પણ નાશીપાસી બતાવી નથી. હવેલી જેવા મકાનોને દેવને ભરોસે સોંપી જતાં ક્ષણ માત્ર દુઃખ ધર્યું નથી. અધીકારીઓના કડવા વેણો ને બીભત્સ ત્રાસો મુંગે મોઢે સહન કરી પોતાની એ પુણ્યશીલા ભૂમિથી છેલ્લી વિદાય લીધી છે. આ બધું શા સારૂં ? શું પાંચ પંદરનો કર ભરવાનો તેમને મળતો નથી ? ના તેમ નથીજ. આજે એ પાંચ પંદર સારૂ સેંકડોના નુકશાનો તેઓ વેઠી રહ્યા છે. એમ કરવાનું એક માત્ર કારણ લીધેલી પ્રતિજ્ઞાજ છે.

'વટ રક્ષા એ તેમનો જીવનમંત્ર છે.' વચન પાલન કરતાં મૃત્યુ થાય તો તે તેમને કબુલ મંજુર છે પણ બોલેલું તો પાછું નજ ફરે એ તેમનો સાદો ને સચોટ મુદ્રાલેખ છે. ગાંધીજી અગર સરદારના વચને તે અવશ્ય સરકારની તિજોરી

ભરી નાંખે તેમ છે. એમના હૃદયમાં અધીકાર હાલની સરકારનો નહિં પણ પેલા સંતના ફિરસ્તાનો છે. સરકારને મન આજે ભલે ગાંધીજી કે સરદાર એ યરોડા જેલના કેદીઓ હોય! પણ આ ગ્રામ્ય જનતાને મન એ અધીષ્ઠાયક દેવ છે. બારડોલીના ખેડુતો એ મહાવિભૂતિના સાચા સેવકો છે. પોતે જેમના ચરણમાં શિર ઝુકાવે છે તેમના માટે શિર ધરવાની તીવ્ર વૃત્તિ ધરાવે છે. તેથી આજના ભોગો એ તો રમત જેવા છે. ખેડુત બંધુઓના આ ત્યાગના જેટલા વખાણ કરીએ તેટલા ઓછા છે. સાચી ભક્તિની કિંમત ત્યારેજ અંકાય છે. બળિદાન વિના શ્રદ્ધાની વાતો કરવી વ્યર્થ છે: અને ટેકની સાચવટ કરવામાં અમાપ ને દ્રઢ શ્રદ્ધાનીજ આવશ્યકતા છે. પ્રતિજ્ઞાનું રક્ષણ એ જીવનનો સુવર્ણકાળ છે જૈન સમાજને એ વાત અજાણવારૂપે નથી નથી. ભૂતકાળના એ સંબંધમાં પાર વગરના દ્રષ્ટાંતો છે છતાં વર્તમાન કાળે એનું સ્વરૂપ સમજવાની તો ખાસ આવશ્યકતા છે. સ્વાર્પણનું રહસ્ય જો ખરેખર જૈનો સમજ્યા હતે તો શત્રુંજય પ્રકરણનો નીકાલ જુદેજ રસ્તે થતે. માત્ર એના ત્યાગી વર્ગે આગેવાની લીધી હોત તો પણ આખો ઇતિહાસ બદલાઇ જાત! પણ વો દિન કહાં? સાચું ક્ષાત્ર તેજ જોઇએને! પ્રેમલા ભકતોના ટોળામાં ગર્જના કરનારા સિંહ ચર્મધારી શિયાળવા તો આજે પણ છે પણ તેથી એની અસર દિવાલોની બહાર કેટલી! ઊંડા સુધી ભણેલા કપુરચંદો કે પાનાચંદો ભણીને પછી મનગમતા પૂંછડા લગાડે. અરે જોતજોતામાં મણિ-સૂરિ બને તેથી પણ આગળ વધાવી દે છતાં એની કિંમત તો વરની માના વખાણ જેટલીજને!

અરે શત્રુંજયનું તો થવાનું થઇ ગયું, પણ ભાસવારે જન્મતા કોરટના લફરા વેળા પણ એટલું શૌર્ય દાખવે તો ગનીમત. એક પૂજ્ય વ્યક્તિ તરીકે કોરટના કાનુનનો રમકડાની માફક અમલ કરવા કરતાં સત્યાગ્રહનો અધિકારી બની આત્મશક્તિના દર્શન કરાવવા અને એ દ્વારા પવિત્રતાની પુનઃ પ્રતિષ્ઠા કરવી શું ગૌરવયુક્ત નથી? નરી વાચાળતાથી તો કંઇ વળે નહિં. એ તો કેવળ મૂર્ખનું પ્રલોભન. વિદ્વાનો સરવથી રંજીત થાય. એમના સારૂ વાણીવિલાસ વ્યર્થજ છે. જૈન સમાજ આજે કે કાલે પણ જ્હારે એ માર્ગે ગયેજ આરો. આજે બારડોલીએ પરિગ્રહ વર્જનની સાચી દિશા ઉઘાડી છે-પ્રતિજ્ઞા શું ચીજ છે એનું ભાન કરાવ્યું છે. ધન્ય હો બારડોલીને.

---

**ખંભાત સમાચાર**-શાસનપ્રેમી જેશંગભાઇએ રતીલાલની પ્રાપ્તિ સારૂ ઘણીવાર કસ્તુરભાઇને ખોળા પાથર્યાં પછી આજે સાગરજીના વ્યાખ્યાનસ્થળ (જૈનશાળા) માં સહકુટુંબ ધામા નાંખી રો કકળ શરૂ કરી છે, પણ તેથી કંઇ આ વીસમી સદીના ધર્મીઓ દયાદ્ર થવાના! પારકા છોકરા જતિ કરવાનો તો એમનો ધંધો રહ્યો! કદાચ કાળા ડગલાવાળાના દમામથી તેમના પેટનું પાણી હાલે તો જુદી વાત છે. બાકી તો સંતાડી ભગાડી મોક્ષે જવાના પરવાના મેળવવામાં એમને ન્હાવા નીચોવાનું છે પણ શું? દીક્ષાફંડ અને યંગમેન સોસાયટી જેવા સાધનો સામે જેસંગભાઇએ ન્હાઇ નાંખવાનું છે.

# કહેવાતા શાસનપ્રેમીથી બચો.

એચ. ડી. શાહ વીરશાસન તારીખ ૧૭-૧૦-૩૦ ના અંકમાં 'જૈન ધર્મ પ્રસારક સભાનું જુઠાણું' તે નામે ચર્ચાપત્ર પ્રગટ કરે છે. પ્રસારક સભાના સેક્રેટરીના ખુલાસા તથા તેના લેખને મેળવશું તો જણાશે કે મૂળ હકીકતને તે ખોટી પાડી શકતો નથી ને જાણકાર પ્રગટ કરેલી હકીકતને સાબીત કરી શકતો નથી. કારણ કે તેના લાંબા લેખમાં પ્રસારક સભાએ જૈન ધર્મ પ્રકાશમાં આવેલા લેખ સંબંધી કોઇ ઠરાવ પસાર કર્યાની હકીકત છેજ નહિ. એટલે સેક્રેટરીના ખુલાસાની હકીકત ઉભીજ રહે છે. બાકી તો બુરખા પાછળ બેસીને ગમે તે માણસો ગમે તે વાતો કરે તેને પ્રસારક સભાનો ઠરાવ ગણી શકાયજ નહિ. વાતો વાતોજ રહે છે. ને ઠરાવ થયો નથી. માટે સમાજે તે વાંચી ભોળવાવાની જરૂર નથી.

કેટલીક બીજી હકીકત તેના લાંબા લેખથી સુચિત થાય છે. શાસનપ્રેમીઓને કોઇ ખાનગી હકીકત જેવું છેજ નહી. ગમે તે વાતો ગમે તે સ્થળે થઇ હશે તે લોકો પ્રગટ કર્યા વગર રહેવાના નથી. તે ભાઇશ્રીએ ખાનગીમાં હાજર રહેલા સભ્યોના નામ મુકયા છે તે ભાઇઓ પણ તેમના આ લેખથી સંતોષ પામ્યા છે કે નહી તે તો સમય આવ્યે જણાશે. 'જૈન ધર્મ પ્રસારક સભાનું જુઠાણું' એ હેડીંગ તો તે હાજર રહેલા ભાઇઓ ઉપરાંત અન્ય તે સભાના સાચા રાગીને દુઃખકર નીવડશે. ભળતા માણસો બુરખા નીચે વાતો કરે ને સભાનું નામ વગોવાય તે વ્યાજબી ગણાય નહી. એચ. ડી. શાહે જે પરાક્રમ કર્યું છે ને ખાનગી વાતચીતો મેળવી છે તે વાતચીત તો તેને કહેનાર પ્રસારક સભાના લાઇફ મેમ્બરમાંનો કોઇ હોવો જોઇએ. કારણ કે તે ભાઇના લખવા મુજબ ત્રણ હોદેદારો તથા ૭ લાઇફ મેમ્બર સિવાય બીજા કોઇ તે વખતે હાજર નહોતા. જનતા ઉન્માર્ગે જાય તેમ છેજ નહિ. મેનેજીંગ કમિટિનો કે જનરલ કમિટિનો ઠરાવ જ્યાં સુધી ન હોય ત્યાં સુધી બધી વાતચિતો તે વાતચિતોજ છે.

---

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘની ઓફીસ.

સંઘના સભ્યોને સવિનય નિવેદન કરવાનું કે તારીખ ૨૧-૧૦-૩૦ મંગળવાર સવારના (સ્ટા. ટા.) ૧૧-૧૫ મિનિટે યુવક સંઘની ઓફીસ ખુલ્લી મુકવાની છે, તો તે પ્રસંગ ઉપર આપ અવશ્ય પધારશો તસ્દી લેશોજી.

(સ્થળ:—મસ્જીદ બંદર રોડ, નાં૦ ૧૮૮, ચટાઇવાલા બીલ્ડીંગ, પહેલે માળે.)

પત્રવ્યવહાર:—શ્રી જૈન યુવક સંઘ તથા શ્રી જૈન યુવક સંઘ પત્રિકાને અંગેનો સર્વ પત્રવ્યવહાર હવેથી ઉપરના શીરનામે કરવાનો છે.

લી૦ મંત્રીઓ,

શ્રી જૈન યુવક સંઘ.

## શ્રી જૈન યુવક મંડળ.

જૈન યુવક સંઘ પત્રિકાના અધિપતિ જોગ,

વીરશાસનના તા૦ ૨૬ મી સપ્ટેમ્બરના અંકમાં આવેલી પકડા પાછળની વાતોને અંગે અમારા મંડળે નીચેનો ખુલાસો વીરશાસન ઉપર મોકલી આપ્યો હતો તે પત્રકારે પ્રગટ કર્યો નથી. તમો તે ખુલાસો પ્રગટ કરી મંડળને આભારી બનાવશો.

લી૦ સેક્રેટરી, જૈન યુવક મંડળ.

ભાવનગર તા૦ ૩-૧૦-૩૦.

સાહેબ, નીચેનો ખુલાસો આપના પત્રમાં જરૂર પ્રગટ કરશો.

તમારા તા૦ ૨૬ મી સપ્ટેમ્બરના અંકમાં જાણુકારનો લેખ આવેલો છે તેને માટે સત્ય હકીકત નીચે મુજબ છે.

૧. જાણુકાર લખે છે કે યુવક મંડળે પીકેટીંગની ધમકી આપી હતી આ હકીકત ખોટી છે, યુવક મંડળે પીકેટીંગની ધમકી આપીજ નથી.

૨. કોલેજીયનોને યુવક મંડળ સ્કોલરશીપ આપતું નથી જાણુકાર લખે છે કે યુવક મંડળે કોલેજીયનોને ઉશ્કેર્યાં હતા પણ કોલેજીયનોને યુવક મંડળે ઉશ્કેર્યાં નહતા. પોકારો ક્યાં થયા હતા તે જગ્યા પણ જાણુકારે તદન ખોટી લખી છે. ભાવનગરના શ્રી સંઘના આગેવાનો સાચી હકીકતથી માહીતગાર છે.

૩. યુવક મંડળે શા માટે મિટિંગ ભરી હતી તે સમાજ સારી રીતે જાણે છે. સ્વામીવાત્સલ્યના સંબંધની હિમાયત માટેના વિરોધ સામે મંડળે મિટિંગ મેળવીજ નથી.

૪. યુવક મંડળે જયભાનુને લોહીના શાકુ તરીકે ઓળખાવ્યા નથી. યુવક મંડળ, ઉજાણી મંડળની વરસગાંઠ ઉજવે છે, તે દીવસ ભાદરવા વદી ૧૩ નો છે એટલે તે દીવસે મંડળે ઉજાણી કરી નહોતી બીજા જે પ્રસંગ બાબે. જણાવવામાં આવે છે તે પ્રસંગે યુવક મંડળનો હતો નહીં. મંડળના ૪૫ સભ્યો છે એટલી હકીકત સમાજે ધ્યાનમાં રાખવાની છે. બાકી જાણુકારની બીજી વાતોનો મંડળ જવાબ આપવા માંગતું નથી.

લી૦ સેક્રેટરી, શ્રી જૈન યુવક મંડળ, ભાવનગર.

## છોટાલાલ પરીખનો છુટકારો.

ભાઈશ્રી છોટાલાલ પરીખ સરકારની મેમાનગીરીથી મુક્ત થઇ પોતાને ઘેર આવ્યા છે. વીરમગામની રાષ્ટ્રીય પ્રવૃત્તિના તે નાયક હતા અને વીરમગામના પોલીસ અત્યાચારો હસતે મુખડે તેમણે સહન કર્યાં હતા એટલે સરકારે તેમને ગીરફતાર કરી પોતાના મેમાન બનાવ્યા હતા. તેઓ અમદાવાદ જૈન યુથ લીગના કાર્યવાહક અને જૈન યુવક સેવા સમાજના કેપ્ટન હતા. જુન્નેરે કોન્ફરન્સના મુખ્ય દ્વાર ઉપર પણ તે ખુલ્લે માથે રામ પક્ષના પત્થરો ઝીલતા હતા. જેલમાં તેઓનું વજન ૬૪ રતલ ઘટ્યું છે અને ઝીણે કેટલાક દીવસથી તે માંદગીને બીછાને હતા ત્યાંથી તા૦ ૧-૧૦-૩૦ ના તે અમદાવાદ પોતાના વતન પધાર્યા છે. સ્ટેશન ઉપર તેમનું સ્વાગત જૈન યુથ લીગ. જૈન યુવક સેવા સમાજ અને અમદાવાદ યુથ લીગે કર્યું હતું અને સરઘસ રૂપે તેમને મોટરમાં ફેરવી ઘેર પહોંચાડ્યા હતા. ભાઇ વીનયચંદ સુલચંદ ઝવેરી પણ સરકારની મેમાનગીરીથી છુટીને તા૦ ૩૦-૯-૩૦ ના રોજ ઘેર આવ્યા છે. (સુઘોષા ઉપરથી)

રા. છોટાલાલ પરીખને અમો પણ અભિનંદન આપીએ છીએ-તંત્રી.

## નવીન વર્ષે

### આઝાદી દેવીનાં પૂજન માટે પ્રભુપ્રાર્થના.

(લેખકઃ રા. મહાસુખભાઈ ચુનીલાલ, વીસનગર.)

(માલિની વૃત્ત.)

૭ ૮ ૯ ૧
મુનિ વસુ નિધિ આત્મા વર્ષ હો હર્ષ દાતા,
પ્રભુ દિન શુભવારે વીનવે હિંદ માતા.
જય જય જય પામો દેશ આઝાદી જંગે,
તન મન સહુ રંગો પૂર્ણ આઝાદી રંગે.

(રાગ-પ્રભાતીયું જળકમળ છાંડી-એ રાહ.)

આ નવીન વર્ષે હે પ્રભુ સુખશાંતિ તું વરસાવજે (૨)
પ્રભુ હિંદના સંતાનના વિઘ્નો સહુ સંહારજે...(એ ટેક)
આઝાદી મંદીર બારણે, સંતાન આવ્યાં દર્શને,
આતુર પૂજન કારણે, ઝટ દ્વાર તું ઉઘાડજે.
આઝાદીના સેવક સહુ એ દેવીના પૂજક સહુ,
દર્શન વગર તલપે બહુ દેદાર તું દર્શાવજે.
છે દ્વારપાલક બારણે, નહીં તે ઉઘાડે દ્વારને,
તે દુઃખ હે સંતાનને, પ્રભુ માર્ગને બતલાવજે.
આઝાદ દેવી પૂજવા, સંતાન તત્પર બેઠવા,
તૈયાર સૌ જીવ આપવા ઝટ દ્વાર તું ઉઘડાવજે.
આઝાદી મંદીર આંગણે મરવું શુદ્ધ પૂજન કારણે,
સંતાન ચાલ્યા સૌ રણે, પ્રભુ તેમને સંભાળજે.
રખવાળ બહુ બળવાન છે, નિઃશસ્ત્ર સૌ સંતાન છે,
આઝાદીનું બસ ધ્યાન છે, પ્રભુ સહાયતા તું આપજે.
પ્રભુ દ્વાર તું ઉઘડાવી દે દેદાર તું દર્શાવી દે,
આઝાદીને ભેટાડી દે, આ પ્રાર્થના સ્વીકારજે.
જ્યાંસુધી પૂજન નહીં કરે, ત્યાંસુધી જપી નહીં ઠરે,
સંતાન રણમાં ઝુઝી મરે પ્રભુ દુઃખમાંથી તારજે.
લાઠી પડે છે શીર પરે રૂધીર ધારઓ સરે,
ડગલું નહીં પાછું ભરે, પ્રભુ બાળને સંભાળજે.
નિઃશસ્ત્રનું હથીઆર તું, છે ડુબતાનું નાવ તું,
દુઃખીનો એક આધાર તું, પ્રભુ પાર તું ઉતારજે.
આ દ્વારપાલકની મતી નીતિ ન્યાયથી નથી ચાલતી,
સુધાર દૈવી શક્તિથી દૈવી કૃતિ અજમાવજે
આ હિંદમાતા સ્તુતિ કરે, આ નૂતન શુભ સંવત્સરે,
વિજય પતાકા ફરફરે એવું મહા સુખ આપજે.

(ગઝલ.)

વરસ નૂતન મુબારક હો, અચળ આઝાદી દાયક હો,
સકળ સુખશાંતિકારક હો, મુબારક હો, મુબારક હો.

અમદાવાદ, તા૦ ૨૬-૯-૩૦.

અમદાવાદ જૈન યુથ લીગની એક કાર્યવાહક સભા તા૦ ૨૬-૯-૩૦ ને શુક્રવારના રોજે ઝવેરી ભોગીચંદ આશારામ વૈરાટીના પ્રમુખપણા નીચે મળી હતી તેમાં નીચેના ઠરાવો સર્વાનુમતે પસાર થયા હતા.

(૧) અહિંસક સ્વાતંત્ર્ય યુદ્ધમાં શહીદ થયેલા રાષ્ટ્રવીર શ્રી. રતીલાલ સાકરચંદ વૈદ્ય તથા શ્રી. ત્રીવિક્રમે આપેલ આત્મભોગની આ સંસ્થા પ્રશંસા કરે છે અને તેમના અમર આત્માને શાન્તી ઇચ્છે છે.

(૨) ભાઈશ્રી વીરચંદ પાનાચંદ શાહને મુંબઇની ધારા કાઉન્સીલના પહેલા જૈન પ્રમુખ તરીકેનો માનવંતો હોદ્દો પ્રાપ્ત થવા બદલ આ સંસ્થા તેમને હાર્દીક અભિનંદન આપે છે

આ પત્રિકા અંબાલાલ આર. પટેલે "સ્વદેશ" પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસજીદ બંદર રોડ, માંડવી, મુંબઇ નાં૦ ૩ મધ્યે છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ મનહર બિલ્ડીંગ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબાઇ નાં૦ ૨ મધ્યેથી પ્રસિદ્ધ કરી છે.

હાલની ચાલુ લડત. યુવાન નવસૃષ્ટિનો સરજનહાર છે.

Reg. No. B. 2616.

# મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી : જમનાદાસ અમરચંદ ગાંધી.

વર્ષ ૧ લું. અંક ૪૩ મો. | સંવત ૧૯૮૭ ના કાર્તક સુદી ૬. તા૦ ૨૭-૧૦-૩૦ | છુટક નકલ: ૦॥ આનો.

## જ્ઞાન પૂજન.

જૈન દર્શનમાં 'જ્ઞાન'ને સર્વોત્કૃષ્ટ સ્થાન આપવામાં આવ્યું છે. એટલે એ સંબંધમાં વિવેચન લગભગ પ્રત્યેક સૂત્રમાં મળી આવે છે. 'पढमं नाणं तओ दया' રૂપ વચનમાં એનો સમસ્ત મહિમા સમાઇ જાય છે. એની આરાધના-પૂજા ભક્તિ-સારૂ ખાસ દિવસ તે જ્ઞાનપંચમી.

પૂર્વે કાળમાં એ શુભ દિને લાખો ગ્રંથો ભંડારોની દિવાલો ઓળંગી સૂર્યના કિરણોમાં સ્વપ્રતિષ્ઠા સ્થાપન કરતાં. વર્ષાકાળમાં કારણવશાત્ ભેજ લાગવાનું બનતું તો તેનો પણ એ રીતે ગરમીથી ધ્વંસ થતો. સંખ્યાબંધ કૃતિઓના દર્શનનો યોગ સાંપડતો. આમ જ્ઞાનપૂજાના મહત્વ એ કાળે અતિ ઘણા હતા. પણ આજે એનું સ્થાન ઉપરછલ્લા દેખાવે લીધું છે. ભાગ્યેજ કોઇ ભંડારનું મુખ સરખું ખુલે છે. માત્ર જરીના ચંદરવા હેઠળ ગણ્યાંગાંઠ્યાના પુસ્તકો ગોઠવી દીધા ને આજુબાજુ થોડા દર્શન જ્ઞાન ચારિત્રના ઉપકરણો રાખી દીધા કે ચાલ્યું. શ્રાવકગણ પણ કાગળના જુગળા ને જારની એકાદી લાકડી મુકી જાય કે થઇ ગઇ જ્ઞાન પૂજા! અવશ્ય તપકરણી કે પૂજા ભણાવવા રૂપ થોડી ક્રિયા રહી છે છતાં સહ ગયા ને લીસોટા રહ્યા જેવું જ. એમાં જીવન જ્યોત કે આત્મ પ્રભાના સાચા દર્શન નથી થતાં. ચાલુ કાળને અનુરૂપ એ જ્ઞાનપૂજા ન ગણાય. જે યુગમાં દિન ઉગ્યે સંખ્યાબંધ ગ્રંથો નવ્ય ભિન્ન શૈલીમાં અને આવશ્યક ટીપ્પણો સાથ ને વિશિષ્ટ પ્રકારની સમાલોચના સહિત જન્મતા હોય તે કાળમાં જ્યપણો આ પ્રાચીન ને અમુલ્ય સંગ્રહ જરી પુરાણો બની, કીડાનો ભક્ષ થઇ, નષ્ટ થતો જાય એ પૂજાના રહસ્ય સમજ્યા વગરનીજ દશા સુચવે છે! સાચા પૂજકો કેવળ આડંબરી દેખાવને કે કાંસીજોડાના રણકારને પૂજા માની સંતોષ પકડતા નથી. ભૂતકાલિન એ વારસાને વર્તમાન કાળની પ્રચલિત ભાષામાં—સુંદર શૈલીમાં—યુગને બંધબેસતી ગિરામાં—નવિનઅવતાર આપનાર કે અપાવનારજ ખરેખર સાચા પૂજકો. આ સંબંધમાં શ્રીમદ્ આત્મારામજી મહારાજના નિમ્ન વચનો મનન કરવા લાયક છે—'મુસલમાનોં કે રાજમેં જૈન કે લાખો પુસ્તકો જલા દિયા ગયે હૈ, ઔર જો કુછ શાસ્ત્ર બચા હૈ હૈ, વે ભંડારોમેં બંદ કર છોડે હૈ વે પડે પડે ગલ રહે હૈ, બાકી દોસો તીનસો વર્ષમેં તમામ ગલ જાયગે. જે જૈન લોક અન્ય કામોમેં લાખો રૂપૈયે ખરચતે હૈ તૈસે ગ્રંથું પુસ્તકો કે ઉદ્ધાર કરાનેમેં કિંચિત્ નહિ ખરચતા હૈ ઔર ન કોઇ જૈનશાલા બનાકે અપને લડકોં કો સંસ્કૃતમં શાસ્ત્ર પઢાતા હૈ. ઔર જૈની સાધુભી પ્રાયે વિદ્યા નહિં પઢતે હૈ, ક્યોં કિ ઉનકો ખાને કા તો તાજા માલ મીલતે હૈ, વે પઢકે ક્યા કરે! ઔર કિતનેક યતિલોક ઇન્દ્રિયોંકા ભોગમેં પડ રહે હૈ સો વિદ્યા ક્યોંકર પઢે! વિદ્યા કે ન પઢનેસેં તો લોક ઇનકોં નાસ્તિક કહને લગ ગયે હૈ; દેરભી જૈન લોગોં કો લજ્જા નહિં આતી હૈ. જૈન લોક ચૂરમેકે લાડુ ઔર દુધપાકાદિકે ખાને વાસ્તે તો હજારો રૂપૈયે હોજાતે હૈ, પરંતુ પુસ્તકોંકે ઉદ્ધાર વાસ્તે સુતે પડે હૈ. હમારે લિખનેકા પ્રયોજન તો ઇતનાહી હૈ કિ જૈન લોગોં કો ઉચિત હૈ કિ સર્વ દેશવાલે મિલકે પાટણ, જેસલમીર, ખંભાત પ્રમુખકે ભંડાર પુસ્તકોંકા જીર્ણોદ્ધાર કરાવે...'

ઉપરોક્ત વચનમાં સૌભાગ્ય પંચમીનું સાચું રહસ્ય સ્ફોટ થાય છે, છતાં અફસોસની વાત એ છે કે આ મહાપુરૂષની પાટનો હક્ક કરનાર એમનાજ કેટલાક વારસો મહિ પ્રવરનો ડોળ કરતા છતાં કોઇ જુદાજ માર્ગે જૈન સમાજના હજારોને ઉરાડાવે છે, અરે કોરટના કઠેરા ઉભા કરવામાં પણ ધર્મ સમજાવે છે અને પ્રેમવશ ભક્તો એમની હાજી હા પણ કરે છે ને ઘેલા બને છે. જરા આંખ ઉઘાડી સ્વર્ગસ્થ ગુરૂદેવના ઉપરના વચનો વિચારે તો તેમના પડળ ખુલ્લી જાય પણ એ આશા રાખવી વ્યર્થ છે. એમને જ્ઞાનભક્તિ કરતાં પણ ચેલા મુંડવાની વધુ પડી છે. આજે એમનો ધર્મ સંતાકુકડીમાં સમાયો છે. ગુરૂદેવના સાચા સંતાનો જો એ પ્રમાણે વર્તવા પ્રયત્ન સેવે છે તેમને યેનકેન પ્રકારેણ ઉતારી પાડવામાં આજે પેલા 'અહંમન્યો' આનંદ માને છે. છતાં જ્ઞાનપૂજાનું સાચું સ્વરૂપ જૈન સમાજ સમજવા લાગેલ છે એટલે અલ્પકાળમાં સાચી જ્ઞાનપૂજાના વધામણાં ગવાવાનાજ, એ અવસર સત્વર પ્રોત્સાહે એજ પ્રાર્થના.

## વીસમી સદીના શાસનરસિકો!!

**કોથળામાંથી બિલાડી નિકળી**—સમાચાર મળે છે કે શ્રી રામ-સાગર શીમોરેકના ચુસ્ત ભક્ત શેઠ કસ્તુરભાઇએ ખંભાતની કોરટમાં જૈનશાળાની સંઘની મિલ્કતને પોતાની બાપીકી કહી પોતાને તેના એકલા વહીવટદાર જણાવ્યા. વાહરે શાસનરસિક સાગરની વાડી બચાવવાના તો હજુ કેસ ઉભા પડ્યા છે ત્યાં વળી શેઠજી તમો આ શું બકો છો? શ્રી. અમરચંદ શેઠે હજારો ધર્મ માર્ગે ખરચ્યા છે તેની ના નથી. વળી જૈનશાળા નિર્માણ કરવામાં પણ જરૂર તેમનો ફાળો મોટો છે છતાં એમાં બીજાની પણ નાની મોટી રકમો તો છેજ. વળી એ સર્વ કાર્ય પુન્ય હેતુથી થયેલ છે તેમજ તેની સુપરત જૈન સંઘને હોવાથી એ કોઇપણ પ્રકારે બાપીકી મિલ્કતમાં ગણી શકાય નહીં. ધર્માદાની આ મિલ્કતને વારસાની ગણતાં પૂર્વે શેઠ પોપટભાઇએ કરેલા 'ટ્રસ્ટડીડ'ને જોઇ જવાની જરૂર છે. જૈનશાળા સાથે જોડાયેલ પ્રતિજ્ઞાને પુન: અવલોકી જવા વિનંતી છે. થતી ભુલને સત્વર સુધારી લેવા વિનંતી છે. આ યુગમાં આવી પોલને સ્થાન નથીજ. આંધળા કેસ પરથી ધડો લેવાશે કે?

"હીરકહીવ."

મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા.

पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु ।
युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥

શ્રીમદ્ હરિભદ્રસૂરિ.

# હાલની ચાલુ લડત.

## સુરતના શ્રીમંત ઝવેરી કુટુંબના યુવાનની ધરપકડ.

તા૦ વાઇસરૉયના નવમા ઓરડીનન્સ પછી ચાલુ લડત ઉગ્ર સ્વરૂપ લેતી જાય છે. દેશની કસોટી તીવ્ર પ્રકારે થાય છે. અનુભવીઓને ચોક્કસ ખાત્રી છે કે મુંબાઇ તથા ગુજરાતનો જનસમુદાય તે કસોટીમાં પાર ઉતરશે. હાલ સુધી કોંગ્રેસના કાર્યકર્તાઓ બધા પકડાતા નહોતા. જેને ભાગ્યે લૉટરી આવે તેજ ભાઇ પકડાતા હતા. ઉમેદવારો અનેક હતા. પકડાવનું સુભાગ્ય મેળવવા માટેની પદવી થોડાને મળતી હતી. જૈન યુવાનો સ્થળે સ્થળે કોંગ્રેસ સમિતિઓમાં કાર્ય કરતા હતા છતાં બધા પકડાવાને ભાગ્યશાળી નહોતા થતા તે સ્વાભાવિક હતું. છતાં અમારૂં શુક્રવારીયું ભાઇબંધ જેલમાં જનારા સિવાય બીજાઓ સિદ્ધાંત પાલન કરવાવાળા હોય તેમ જોઇ શકતું નહોતું. હવે તેવી સ્થિતિ નથી. હવે તો કાર્યકર્તાઓ તરીકે બહાર પડે એટલે પકડાવાના, તે વાત નિર્વિવાદ થઇ પડી છે. રાષ્ટ્ર ઉન્નતિમાં ભોગ આપવો તે પણ ભારતવાસી તરીકે આપણો ધર્મ છે અને તે ધર્મ બજાવવામાં આપણે સામ્પ્રદાયિક ધર્મને અનેક રીતે દીપાવીયે છીએ તેવી માન્યતાવાળા યુવાનો સંગ્રામ સમિતિમાં જોડાય છે. વારો આવે જોડાતા જશે. તેવા એક યુવાનનો પરિચય અમો આ સ્થળે આપીએ છીએ. રા. ફુલચંદ ગુલાબચંદ ઝવેરી સુરતની સંગ્રામ સમિતિના મંત્રી હતા જેઓની શુક્રવાર તારીખ ૨૪-૧૦-૩૦ ને રોજ સુરતમાં ધરપકડ થઇ છે. ભાઇ ફુલચંદ શ્રી સુરત જૈન યુવક સંઘના સભાસદ છે. શાંત હોઇ બોલવા કરતાં કામ કરવા તરફ વધારે લક્ષ આપતા. તેઓની ઉમ્મર એકવીસ વરસની છે ને તેઓ સુરતના જાણીતા અને ધર્મિષ્ટ ઝવેરી શેઠ ધરમચંદ ઉમેદચંદના પૌત્ર છે. ભાઇ ફુલચંદ લડતની શરૂઆતથી સુંદર કામ કરી રહ્યા હતા. મીઠુબ્હેન પીટીટની સાથે રચનાત્મક કાર્યમાં ઘણો સારો ફાળો આપ્યો હતો. વિરોધની ઘણી ચળવળમાં તેઓ મોખરે રહેતા હતા. સુરતના ઠક્કા ઓવારે બહિષ્કાર થયેલું સાહિત્ય તેમણે જાહેર મિટિંગમાં વાંચ્યું હતું. જમાબુધારોના બહિષ્કાર સંબંધી સરઘસમાં તેમણે આગેવાની ભરેલો ભાગ લીધો હતો. સત્યાગ્રહી વોલન્ટીયર તરીકે જોડાઇ દારૂના પીઠા ઉપર ચોકીનું કામ એક માસ સુધી કર્યું હતું બેસતા વરસે સુરતમાં થયેલા ઓરડીનન્સના ભંગમાં ભાગ લીધો હતો. પત્રિકાઓનું વેચાણ પણ કરતા હતા. આમ અનેક પ્રકારની સેવાઓ પછી તેઓ સંગ્રામ સમિતિની સેક્રેટરીની જગ્યાએ નીમાયા હતા. ધારાસભાના ઇલેક્શનના દિવસે ઘણું સખત પીકેટીંગ કર્યું હતું. તેમની સેવાની સરકારે કદર કરી છે ને સુરતની બધી સમિતિઓ ગેરકાયદેસર ઠરાવીને સમિતિની ધરપકડ કરી તે સાથે તેમની પણ ધરપકડ થઇ છે. આટલી સુંદર કાર્યશક્તિ અને દેશને માટે દિલ્ય ધગસ આ ભાઇમાં એકાદ વર્ષ પહેલાં હોય તેવું કોઇ માનતું નહોતું. કારણ, વિલાસમાં ઉછરેલ અને સુંવાળા સેવામાં સુતેલ યુવકના જીવનમાં એકદમ અસાધારણ પલટો થાય તે આશ્ચર્યજનક તો ખરૂંજ; પણ મહાત્માજીના તપનો પ્રભાવ એવો છે કે ન ધારેલા માણસો આગળ આવી ઉજ્વળ આત્મભોગ આપવા મંડી જાય છે. મહાત્માજીના લીધેજ આજે આપણા પ્રજાજીવનમાં અને ભાવનાઓમાં અજબ પરિવર્તન થઇ રહ્યું છે. સારા ખેડુતોથી તે તાલેવંત શહેરી સુધી સૌને આ ધર્મયુદ્ધની જાદુઇ અસર થએલી છે. સાબરમતીના સંતે પઢાવેલા સત્ય અને અહિંસાના અણમુલા પાઠો આજે ફળી રહ્યા છે, મારવા કરતાં મરવું ભલું એ સત્ય કથન સૌ કોઇ આચરી રહ્યું છે. ભાઇ ફુલચંદના બલિદાનથી જૈન કોમને ગૌરવ પ્રાપ્ત થયું છે. અમારા પણ ભાઇ ફુલચંદને હાર્દિક અભિનંદન છે.

## સ્વદેશી પ્રચાર અને બહિષ્કાર સમિતિ.

વીરશાસનનો મુંબઇનું વાતાવરણ લખનાર મુંબઇમાં રહેતો હોય તેવું લાગતું નથી અગર તો બીચારો ઉપાશ્રયની દીવાલમાં ગોંધાઇ રહેતો હશે. તા૦ ૨૭ મીના અંકમાં કોન્ફ્રન્સની સ્વદેશી પ્રચાર સમિતિ માટે ગમે તેમ લખી નાંખે છે સ્વદેશી પ્રચાર કે બહિષ્કારના કાર્યમાં જુદી જુદી સમિતિ નીમી કામ કરવાથી કોંગ્રેસના કામને દખલ થી ગણાય એમ તે મનાવવાનો પ્રયાસ કરે છે, સ્વદેશી પ્રચાર, ખાદી પ્રચારના અને વીદેશી માલના બહિષ્કારના કામ માટે જુદા જુદા દ્રષ્ટિબિંદુથી કેટલાક જુદા જુદા મંડળો મુંબઇમાં કામ કરે છે તેનું એ બીચારાને ભાન નથી. બહિષ્કારના કાર્યક્રમમાં કાયદાનો સવિનય ભંગ કરવાનો હોતો નથી એટલે કોંગ્રેસના તે પ્રોગ્રામમાં દરેક ભાઇ ભાગ લઇ શકે છે. તેવી પ્રેરણા ખુદ કોંગ્રેસની સમિતિઓ તરફથીજ કરવામાં આવતી હતી. કોન્ફ્રન્સની બહિષ્કાર સમિતિએ કરેલા કાર્યની નોંધ કોંગ્રેસની બહિષ્કાર સમિતિના સેક્રેટરી તરફથી તે સમિતિઉપર લખેલા કાગળમાં લેવાયલી છે. જે કાગળ વર્તમાનપત્રોમાં પ્રગટ થયેલો છે. બાકી પૈસા સંબંધી હકીકત લખે છે ને દાનત તેવી બરકત તે બધી વાત આ ચર્ચામાં અસ્થાને છે. પૈસા સાચી ધગશથી કામ કરનારને મળી રહે છે. શાસનરસિકે તેની ચિંતા કરવાની જરૂર નથી. કમિટિને અમારી વિનંતિ છે કે એક ચોક્કસ પ્રોગ્રામ ઘડી તે મુજબ કમિટિની સતત ચળવળ ચાલુ રાખવી.

---

**પત્રવ્યવહાર :** મુંબઇ જૈન યુવક સંઘ અને પત્રિકાને લગતો સઘળો પત્રવ્યવહાર નીચેને સીરને કરવાનો છે. મોદી જમનાદાસ અમરચંદ, મંત્રી: મુંબઇ જૈન યુવક સંઘ. નં. ૧૮૮, ગટાઇવાળા બીલ્ડીંગ, જકરીયા મસ્જીદ, મુંબઇ નં. ૩.

**શ્રી યુવક સંઘના સભ્યોને નિવેદન :**

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના સભ્યોને સવિનય વિદિત કરવાનું કે યુવક સંઘનું નવું વરસ સંવત૧૯૮૭ ના કારતક સુદ ૧ થી શરૂ થયું છે, તો સંવત ૧૯૮૭ ના વરસની ફી રૂ. ૨) શ્રી યુવક સંઘની ઓફીસે ભરી જશોજી.

## શ્રી ?

જગપટ પર અજવાળાં ભરતી,
આવે પ્રભાત મુખે એમ વદતી,
જન અંતરમાં ચેતન ભરતી—
ઉષા સ્મિત કરી.
ઉત્તિષ્ઠિત, જાગ્રત ભારત બાળક !
પ્રેમ દયા અહિંસા, વ્રતધારક
પન્થ પડો બની સત્ય ઉપાસક—
સંદેશ ઉષા દેતી.

—સંવત ૧૯૮૭ ના ફુટતા પ્રભાતે ઉષાએ આપેલો 'સંદેશ' આપણા સૌનો મનોરથ હો એજ અભિલાષા !

* * *

મૈયા ભારતીના સંતાનોએ ઉત્સવો તો બહુ ઉજવ્યા હશે. પણ આ વર્ષે દીપોત્સવીનું પર્વ જે રીતે ઉજવ્યું તે જોતાં આપણને 'સ્વાતંત્ર્ય'ની ભૂખ કકડીને લાગી છે તે જણાઇ આવે છે. જો અહિંસક યુદ્ધ એ અજોડ છે તો તે યુધ્ધમાં ઉતરેલી પ્રજાની ઉત્સવ ઉજવવાની રીત પણ યુદ્ધને શોભે તેવી—પરંપરાથી ભિન્ન હોય એમાં પણ શું આશ્ચર્ય !

* * *

આજે નવા સંવત્સરનો પ્રથમ દિવસ છે. વર્તમાન ભૂતકાળ બન્યો. ભવિષ્ય વર્તમાન બને છે. ત્યારે આપણે શું વિચારીશું ?

'કુમાર' માસિકના એક અંકની મિજલસમાં નીચેની વાની પીરસેલી છે:

બે શબ્દોથી કદી ન બ્હીતા: 'મુસીબતો' અને 'ઠોંસા ઠોકર.' જીંદગીમાં ડગલે ને પગલે એ તમને સામા આવશે. પણ તેનાથી હારી બાધા વિના તેની સામે થઈ આગળ વધશો એટલે તમને અનુભવનું અમૃત મળશે."

—અને આજેજ 'મુસીબતો' અને ઠોંસા ઠોકર'થી આપણે એટલા બ્હીએ છીએ ? ડગલે ને પગલે આપણને બીજા શું કહી ગયા છે તેના 'આધારો' જોઇએ છે. વાત વાતમાં ભૂતકાળમાંથી 'દાખલા' શોધવા દોડવું પડે છે. અને આપણે જાણે બુદ્ધિ, સાહસ અને શૌર્યનું દેવાળું ફુંક્યું હોય તેમ શબ્દે શબ્દે 'દેશકાળ'ને ભૂલી જઇ 'શાસ્ત્રમાન'ના સૂત્રોની હારમાળાનો બોજો ફેંદ્યા કરીએ છીએ. આ શું સૂચવે છે? કદાચ આને આપણે ભૂતકાળ તરફનો ભક્તિભાવ માનવા, મનાવવા લલચાઇએ, પણ જો ઉંડે ઉંડે તપાસીશું તો આપણને આપણી એજ પામર મનોદશાનાં દર્શન થશે કે, જે મનોદશા 'મુસીબતો' અને 'ઠોંસા ઠોકર'થી બ્હીએ છે.

* * *

સાથે સાથે એ પણ સમજી લઇએ કે કદાચ ભૂતકાળ તરફનો ભક્તિભાવ હોય તોપણ શું ? ભૂતકાળમાંથી 'પ્રેરણા,' લઇ વર્તમાન ઘડવો એ એક વાત છે, અને ભૂતકાળે ઘડી આપેલા 'લોખંડી ચોકઠા'માં બરોબર બેસી રહે તેમજ વર્તમાનને ઘડવા પ્રયત્ન કરવો એ બીજી વાત છે. 'પ્રેરણા' સ્વાતંત્ર્ય બક્ષે છે. 'લોખંડી ચોકઠું' ગુલામી સર્જે છે. અસ્તુ !

* * *

'પત્રિકા'ના તંત્રી લેખમાં ગયા વર્ષની માફક આ વર્ષે પણ યુવક સમેલન ભરવાની સૂચના કરવામાં આવી છે. યુવક સંમેલન શા માટે? એ પ્રશ્નજ હવે તો અસ્થાને છે. હવે તો યુવાનોએ વધુ અને વધુ સંગઠિત થવાની આવશ્યકતા છે અને એ સમય આવી પહોંચ્યો છે, કે જ્યારે હવે આપણે 'ધર્મ' શબ્દના પડદા પાછળ સ્વચ્છંદે વિહરતા કેટલાક 'અહંમન્યો'ની સ્હામે; પોતાને સમાજનાં બન્ધનો અને નિતી અનિતીના સવાલો જરાય સ્પર્શ ન કરી શકે એમ માનનાર અને બીજાઓનો ખીસાના કાયદાઓથી ન્યાય કરવાનો રૂઢિ રાખનાર સમાજના થઇ બેઠેલા સત્તાધીશોની સ્હામે અને 'એરણની ચોરી અને સોયનું દાન'ની કહેવતને જીવનમાં સો ટકા સાચી પાડી હોવા છતાં પોતાને 'દાનેશ્વરીઓ' અને 'સંઘપતિઓ'ના શુભ નામે ઓળખાવતા, વડીલોપાર્જીત મીલ્કત અને કીર્તીના માત્ર વારસદાર હોવાના કારણેજ શ્રેષ્ઠ પુરૂષો ગણાતા, દંભ અને પાખંડને પોષી રહી સમાજને છિન્ન ભિન્ન બનાવવામાં અન્યના હથીઆર બની રહેતા, કેટલાક મુડીવાદીઓની સ્હામે; લાચારીએ પણ નિડરપણે માથું ઉંચકવુંજ પડશે. સંભવ છે, કે કોઇને આ વિચારો આકરા લાગે, અસ્થાને લાગે, કે ભૂતકાળે નક્કી કરેલા જીવન સંબંધિના સિદ્ધાંતોના આધાર વિનાના લાગે—ગમે તે હોય. મારે તેની સાથે લેવા દેવા નથી. હું માત્ર એટલુંજ ઉમેરૂં કે પરિસ્થિતિનું અવલોકન અને અભ્યાસ એમ માનવા પ્રેરે છે કે ભાવીના ભણકારાને વર્તમાન બનાવવાના સાધનભૂત યુવાનોએ બનેજ છુટકો છે.

* * *

જૈન પત્રમાં એક પત્ર લખી ભાઇ મણીલાલ પરીખ ચતુર્વિધ સંઘનું એક સમેલન બોલાવવાની સૂચના કરે છે. અને તેનો ભાર શ્રી વિજયનેમીસુરિજી મારફતે અમદાવાદની ઉપર મૂકે છે. આ સૂચના સંબંધમાં આ લખનારે આપણે મૌન સેવીએ. પણ તે ભાઇ પત્રની શરૂઆતમાં જણાવે છે કે:

"હાલમાં કેટલાક વખતથી દેવદ્રવ્ય, દિક્ષા,' ઉત્સૂત્ર પ્રરૂપણા—સમયધર્મ—બેકારી, કેળવણી વિગેરે ઘણા વિકટ પ્રશ્નો ઉભા થયા છે. તેનો નિકાલ સર્વમાન્ય તાકીદે થવાની જરૂર બધાને લાગે છે, તેને માટે ખાસ કરીને સાધુ સમેલન થવાની જરૂર જણાતાં તે માટે પ્રયત્નો થયા પણ બન્યું નહી—"

—આ લખાણ વાંચી મારા એક સહૃદય ભક્ત મિત્રે કહ્યું "........ભાઇ, સંસારની માયામાં લપટાએલા, આરંભ સમારંભના પાપોથી ઘેરાએલા, આપણે આપણું તો જાણે ઠીક પણ આપણા 'સાધુ સમુદાય'માં પણ આટલી બધી છિન્નભિન્નતા શાથી હશે ?"

પ્રશ્નના જવાબમાં મારી હંમેશની ટેવ મુજબ સેવકે કરેલું ભાષણ આ રહ્યું:

"ભાઇ ! આપણે સૌ 'વિતરાગ'ના પન્થે ચાલનારા છીએ અને તેમાંય આપણા પૂજ્ય મુનિરાજો તો જીવનમાં 'વિતરાગતા' કેળવવા માટેજ પોતાનો જીવન પલટો કરે છે. પણ કદાચ આપણાએ પૂજ્ય વર્ગે જીવનમાં 'વિતરાગતા' એટલી બધી કેળવી હોય કે એકત્ર થઇ 'શાસન'ના માટે કંઇ કરવાની આપણી ફરજ છે એટલું મમત્વ પણ તેમનામાં રહ્યું ન હોય. અગર તો 'વિતરાગના'ના ઉપાસકો 'વિતરાગ' શબ્દનું મહત્વજ ન સમજ્યા હોય ! ! ? શું હશે તે તો જ્ઞાનીજ કહી શકે. આપણા જેવા 'અજ્ઞ બાળકો' માટે તો એ 'અણઉકલ્યો કોયડો' રહે એજ વધારે ઉચિત છે."

* * *

—અને આપણા કેટલાય આવા સામાજીક, ધાર્મિક અને આર્થિક પ્રશ્નો કે જે હજુ સમાજના માટે 'અણઉકેલ્યા કોયડા'ઓ માત્ર છે. તેનો ઉકેલ કરવાની જવાબદારી યુવાનોની અને આપણી એ માનનીય સંસ્થા કોન્ફરન્સની છે. આપણે ઇચ્છીએ કે 'યુવાનો' અને આપણી એ સંસ્થા આગેવાનોના કાનપર આ અવાજ પહોંચે અને આપણે સૌ નવા વર્ષમાં એ પ્રશ્નોના ઉકેલને માટે મથીએ. શાસન દેવ આપણને પ્રેરણા અને બળ અર્પો એજ આ નવલા વર્ષના મંગળ પ્રભાતે પ્રાર્થના!

સં. ૧૯૮૭ નું પહેલું પ્રભાત — FEDIST.

## વીસમી સદીના શાસનરસિકો!!

ના હું તો દિક્ષા દઇશ–ખંભાતનું પેલું કાન્તિલાલ પ્રકરણ ભાગ્યેજ ભુલાયું હશે ત્યાં બીજું રતિભાઇ પ્રકરણ ઉપસ્થિત થયું છે. ફેર એટલો કે પેલામાં રામજી બાપુને અમદાવાદી પાત્ર જ્યારે આમાં સાગરજીબા ને ખંભાતી પાત્ર એની એ જૈનશાળા ને એના એ પ્રેમલાઓ!! રામ–સાગરનો બીજીવાર બોધ છતાં ન પગલ્યા કસ્તુરભાઇ કે ન ઉદય આવ્યો સુખલાલ કાકાને! જ્યાં આવા જરઠો લુબ્ધા ત્યાં પેલી કાન્તિ–યતુ–રતનલાલ લીંબડીકને શું કહેવાય. છતાં ખંભાતની ભૂમિ સાવ ઉખરતો નહિં! રામજીને ન મળ્યો તો સાગરજીએ તો મેળવ્યોજ શહેરનો નહિં તો ગામડાનો તો ખરોજ. મધુકાન્ત કે દલાલ જેવો અભ્યાસી ન ગણાય છતાં ગુજરાતી ચોથી તો ભણેલજ. આમ છતાં વિધિ વાંકો એટલે બાપ શાસનપ્રેમી છતાં સામો પડયો. આતો ધર્મારીમાં આગ જેવું! એકવાર ફરીથી શેઠના ઘર આગળ નારી શું દે રોકકળ કરી રાજીપા ગયા. જૈન શાળાને પુનઃ એકવાર જેસંગભાના કુટુંબીઓએ ભરી મેલી. એમાંથી છુટવા તાળા દેવાણા. હજુ શું યે થશે એતો ભાવિને હાથ! સંભળાય છે કે શેઠ મુંઝાણા, ગયા સાગરજી પાસ ને છોકરો પાછો આપી દેવા કરી વિનંતી; પણ આમ પાત્ર જવા દે તેવા ભોળા સાગરજી! હરિ! હરિ! શેઠની આજીજી એ ત્યાગીને શી પડી હોય! રોકડું પરખાવી દીધું કે જ્યારે ચોમાસું કરવા તારપર તાર કરેલા ત્યારે શું ખંભાત બેચાર ચેલાનો પણ ઉમેરો ન કરે? એમાં હાનિ કંઇ નથી. એથી તો શાસન શોભા થવાની! વાહ કેવી મીઠી આશા! આવા છુમંતરો કે જેઓ પોતાના માબાપને સમજાવવામાં પંગુ જેવા અને અક્કલ સુધીનઃ જ્ઞાનમાળા તે હેમચંદ્ર કે યશોવિજયજી નિવડવાના! મહારાજ સ્વપ્નો સેવો. ગમે તેમ પણ સાગરજી ગંભીવડીને પુનઃ છાપે ચઢાવે એવો સંભવ છે. સાંભળ્યા મુજબ એમનો હાથ સચોટ છે. એમાં તાસેવન વગેરે સાચા ચાંભલાઓના ઘર આવી જાય છે. રતિલાલ જેવા ચાર પાંચ છે. એતો રંગ જામે ત્યારે વાત છેલ્લા સમાચાર મુજબ છોકરાના બાપ તરફથી વકીલ કરવામાં આવેલ છે. થાય તે ખરૂં.

અજાયેબી તો એ છે કે આ શાસનરસિકો શા માટે આવું કરે છે! એમણે તો ગુરૂદેવના વચન નિકળતા પૂર્વે છોકરા ધરી દેવા ઘટે. એટલા પુરતા આ રસિકો અધુરા તો ખરાજ. "ડીરેકટીવ."

## રાષ્ટ્રીય હિતપ્રાપ્તિમાં ધર્મપ્રચાર શું સુલભ નથી થતો?

ખેડુતો શું વ્યાપારી નથી અને વ્યાપારી શું હળ ખેડુ નથી?

દુનિયાના કયા જાલીમ રાજ્યોમાં ધર્મપ્રચાર થઇ શકયો છે તેનું એક પણ ઐતિહાસિક ઉદાહરણ કોઇ આપી શકશે? અને તેના કયા ન્યાયી કે ધર્મનિષ્ટ રાજ્યોમાં ધર્મ પ્રચારની સુલભતા નથી થઇ?

આપણા હિંદમાંજ મહમદગીઝનવી, શાહબુદ્દીન ગોરી, ઔરંગઝેબ અને અલાઉદ્દીન ખીલજી જેવા રાજ્યોમાં કેવો કયા ધર્મનો પ્રચાર થયો છે તે કોઇ જણાવશે? અને શાન્તિમય રાજ્યોમાં ધર્મ પ્રચાર કેવા કેવા થયા છે, તે શું હવે કોઇ ધર્મિષ્ઠથી કે શાસનરસીકથી અજાણ્યું છે?

ખેડુતોને હલકા ગણ્યા અને વ્યાપારીને ઉંચા ગણ્યા એવી વૃત્તિમાંથીજ ઉંચ નીચ ગણતાં ગણતાં કયા ધર્મે પોતાનું ધર્મ સર્વસ્વ નથી ગુમાવ્યું? અને બૌદ્ધ તેમ જૈન જેવા શાન્તિ પ્રચારક ધર્મોએ જ્યારે માનવપ્રેમ અને સર્વ જીવપ્રેમ પ્રગટાવ્યા હતા ત્યારે રાજ્યહિત લોકોમાં હતું કે નહોતું તેનો વિચાર કરશો.

ખેડુત હવે કઇ દ્રષ્ટિયે વ્યાપારી છે, અને વ્યાપારી કઇ દ્રષ્ટિયે ખેડુત છે તે ધાર્મિક દ્રષ્ટિયે કે સમભાવનાની દ્રષ્ટિયે જોઇએ.

ખેડુતની જમીન એ કાગળ છે, હળ એની કલમો છે, જમીન પરના ચાસ એ એની લીટીઓ છે, અને ચાસ ઉપર જુદે જુદે અંતરે જે દાણા વાવે છે એ એના શબ્દો છે. અને જેમ શબ્દમાં અર્થ હોય છે, તેમ તેને ઉપજાવેલા દાણા યા રસ હોય છે.

આજ નર્યો વ્યાપારી પણ ખેડુત છે.

મનુષ્યની જરૂરીયાતની જે જે ચીજો હોય અને તે અમુક જાતિ ન બનાવે તો આપણે પોતાને એ ચીજ બનાવવી પડે, માટે ધર્મની કે નીતિની દ્રષ્ટિયે કોણ ઉંચ કે નીચ ગણી શકાય.

મનુષ્ય જ્યાંસુધી અન્ન ખાય છે ત્યાંસુધી વ્યાપારી હોય કે કોઇ બીજો હોય તો પણ તેને જીવન નભાવવાને અન્ન ઉત્પન્ન કરવું જોઇએ.

જ્યાંસુધી મનુષ્યે કે શાસનરસીકે અન્ન વિના પણ જીવન નિભાવવાનું શોધી કહાડ્યું નથી ત્યાંસુધી ખેડુતને નીચો ગણવો એ ધર્મ નથી, પરંતુ અધર્મમાંથી ઉત્પન્ન થયેલો અહંકાર છે સુકેશી–(સુધોષમાંથી.)

**પહોંચ–સ્વીકાર**: **જ્ઞાન પંચમી** શ્રી વીર ધર્મોપાસક જૈન યુવક મંડળ, વડોદરા તરફથી મળ્યું છે.

**ભારતનું ભાવી અને વિશ્વનો વર્તારો**: પ્રકાશક પરીખ નગીનદાસ મનસુખભાઇ અમદાવાદ તરફથી મળેલ છે તે આભાર સાથે સ્વીકારીએ છીએ. અવલોકન અનુકુળતાએ.

**સમાચાર**: દરેકે દરેક સ્થળના યુવાનોને પોતપોતાના ગામના સમાચારો મોકલી આપવા વિનંતી છે.

આ પત્રિકા અંબાલાલ આર. પટેલે "સ્વદેશ" પ્રિન્ટીંગ પ્રેસ, ગાયા બીલ્ડીંગ, મસજીદ બંદર રોડ, માંડવી, મુંબઇ નાં૦ ૩ મધ્યે છાપી અને જમનાદાસ અમરચંદ ગાંધીએ મનહર બિલ્ડીંગ, પ્રીન્સેસ સ્ટ્રીટ, મુંબઇ નાં૦ ૨ મધ્યેથી પ્રસિદ્ધ કરી છે.